R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ શાંતિ રાંભિયા ❋ ચંદ્રકાન્ત નંદુ

VOL.64 ISSUE NO. 3 - JUNE 2021 - 60 PAGES - RS. 15/-

ROHA FORT, KUTCH



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 2371 4674 / 2377 3032 Email : ksevasamaj@gmail.com




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

# A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

CA Dilip Haria
Village: Bada
98202 96135
dhharia@gmail.com

CA, CFP Rajesh Gada
Village: Bada
98676 23250
rajesh@gadaharia.com

CA Vipul Bheda
Village: Samaghoga
98202 22750
vipul@gadaharia.com

Vikas Vira
Village:Nagalpur
98205 20268
vikas@gadaharia.com

# પગદંડી

જૂન ૨૦૨૧


## અનુક્રમણિકા


| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રી સ્થાનેથી<br>કોરોનાના લેખાં જોખાં | ............................................ | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ........................................ | ડૉ. મંજુલા વી. શાહ..................... | ૯ |
| પગદંડીને પત્ર................................................ | વાચકોના પત્ર........................... | ૧૩ |
| પગ મેં ભમરી<br>હરિ મોરો રાજી ભયો | લીલાધર માણેક ગડા .................. | ૧૫ |
| કચ્છના ઈતિહાસના પાનેથી ............................<br>સો વર્ષ પૂર્વે કચ્છ માંડવીનો વેપાર | વસંત લીલાધર કચ્છ કેસરી............ | ૨૦ |
| ગઠડી બધેને ................................................ | CA સંજય વિસનજી છેડા............... | ૨૫ |
| પાંજો તેજ .................................................. | ગુલાબ દેઢિયા............................ | ૨૯ |
| ગામાઈ ગામાઈ............................................ | વસંતલાલ દામજી દેઢિયા.............. | ૩૫ |
| સાહિત્ય અમૃત ............................................ | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............. | ૩૯ |
| કોરોના અને હાર્ટ એટેક................................ | ડૉ. અંકિત રમેશ દેઢિયા................ | ૪૨ |
| વર્લ્ડ સ્લીપ ડે (WORLD SLEEP DAY)............. | ડૉ. મણિલાલ ગડા......................<br>ડૉ. દીપ્તિ શાહ (ગડા)................. | ૪૩ |
| એકલતા એક ઘાતક મૃત્યુદંડ છે........................ | હેમા વીરા ................................ | ૪૫ |
| चुनौतियों से मुकाबला............................ | વર્ષા જગદીશ વિસરીયા ............... | ૪૭ |
| ઉર્મિલલહર.................................................. | સંપાદન : વિશન નાગડા.............. | ૫૧ |
| સાંત્વન..................................................... | ............................................ | ૫૪ |



**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

“આજે લગ્નમાં શું જમવાનું હશે ?”
એ ઉત્સુકતાનો અંત આવે
જ્યારે મહેમાન
**ગાલા કેટરર્સ** નો ટેગ જોયે
“જે હશે બધુ ભાવતું જ હશે !”

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.



આજકાલનો નવો ટ્રેન્ડ

## ડેસ્ટીનેશન વેડિંગ

આપના પ્રસંગોને બનાવો યાદગાર.
૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

## કાર્પોરેટર સેમીનાર, એકઝીબીશન માટે

૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ

Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.



color-spot.com

**Gala Caterers**
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા : 9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન: ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૩૭
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in

Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

# તંત્રીસ્થાનેથી

## કોરોનાના લેખાં જોખાં

છેલ્લા સવા વર્ષથી આપણે કોરોના કાળમાં પસાર થઈ રહ્યા છીએ.

કોરોના અથવા કોવિડ-૧૯ની અસરો અને આડઅસરોથી દેશનો, દેશનો જ નહીં, વિશ્વનો હર વ્યક્તિ, હર સમાજ, હર સરકાર પ્રભાવિત છે. જે સંક્રમિત થયો છે એ તો ખરો જ પરંતુ જે સંક્રમિત નથી એ પણ.

આજે વિશ્વમાં લગભગ ૧૬.૭૦ કરોડ વ્યક્તિઓ કોરોનાથી સંક્રમિત થઈ છે અને લગભગ ૩૪.૬૮ લાખ વ્યક્તિઓ મોતને ભેટી છે.

હાલ સમગ્ર વિશ્વમાં કોરોનાની બીજી લહેર ચાલી રહી છે અને ગઈકાલના એક જ દિવસમાં વિશ્વભરમાં ૫.૭૦ લાખ નવી વ્યક્તિઓ કોરોનાથી સંક્રમિત થઈ છે.

મૃત્યુ ઉપરાંત કોરોનાના આ વિશ્વવ્યાપી Pendamicની અન્ય અસરોથી સર્વે પ્રભાવિત છે, સર્વે અભિભૂત છે. પછી ભલે એ અસરો વ્યાપાર-ધંધાની હોય. નોકરીની હોય, મજૂરોની હિજરતની હોય, જી.ડી.પી.ની હોય, અર્થશાસ્ત્રની હોય કે આર્થિક મુશ્કેલીઓની હોય.

કોવિડ-૧૯ના હાલની લહેર દરેકને સમજાવી દીધું છે કે તમારી સંપત્તિ કે તમારા સંપર્કો કોરોનાની સારવાર માટે પૂરતાં નથી.

અને એમાં વધારામાં મ્યુકોર-માયકોસીસ - બ્લૅક ફંગસની વિસ્તૃત અસરો જે મુખ્યત્વે કોરોનાની સારવારમાં થતી સ્ટીરોઈડના ઉપયોગથી અથવા કદાચ કોરોનાની સારવારમાં અપાયેલ ઔદ્યોગિક ઑક્સિજનના કારણે હોઈ શકે એવી માન્યતા છે.

નિષ્ણાતોના મતે આ કોરોનાના કહેરની બીજી લહેર પછી નવી લહેરો કદાચ વર્ષેનું વર્ષ ચાલુ રહેશે. આપણે એનાથી ટેવાઈ જવું પડશે. રસી લઈ લેવી પડશે. Herd Immunity આવી જાય એવી પ્રાર્થના કરવાની રહેશે.

પરંતુ આજે અહીં કોરોનાના કહેરની વાત નથી કરવી, આજે વાત કરવી છે, કોરોનાથી પ્રભાવિત થયેલ અથવા ન થયેલ દરેકને આ અત્યંત કપરા કાળને કારણે થઈ રહેલ માનસિક અસરોની વાત કરવી છે.

કોરોનાની પ્રથમ લહેર જાણે એક દૂરની વાત હતી, જાણે આપણાને બહુધા સ્પર્શતી ન હતી. પરંતુ હાલનો પ્રવાહ આપણી આસપાસ આવી ગયો છે. વધારે ભયાવહ છે. કંઈ ન કરી શકવાની ભાવનાએ સૌને હતાશા અને નિરાશાથી ઘેરી લીધા છે. પહેલો પ્રવાહ કંઈક માર્ગ કાઢવાના પ્રયાસોનો હતો તો આ નવો પ્રવાહ બચવાના પ્રયત્નોનો છે Survivalનો છે.

અસરો તો ઘણી ભયાવહ છે,.

આપણા સમાજની જ ફક્ત વાત કરીએ તો,

ઘણાં કુટુંબોએ પોતાના કુટુંબની વ્યક્તિ ગુમાવી છે. સ્વજન ગુમાવ્યા છે, કદાચ નાની વયના.

ઘણાએ અંતરંગ કહી શકાય એવા સ્નેહીઓ, મિત્રો અથવા સ્વજનો ગુમાવ્યા છે, કદાચ ઓચિંતા. આવા પરિવારોની વ્યથા અને મનોદશા સમજી શકાય એવી છે, પરંતુ આ માનસિક તનાવ ફક્ત એવી જ વ્યક્તિઓ અથવા પરિવારો માટે નથી.

આજે એવી દરેક પરિવાર, દરેક વ્યક્તિ આ મનોદશાનો શિકાર બનવાનો ઉમેદવાર છે.

➢ જેણે ૧૪ દિવસ Home quarantine માં એકલતામાં ગાળ્યા હોય

➢ જેણે હૉસ્પિટલની સારવાર દરમ્યાન આ દિવસો એકલતામાં ગાળ્યા હોય

➢ જેઓ કાલે શું થશે એની સારી-નરશી શક્યતાઓ વિચારી ડરના શિકાર બન્યા હોય

➢ જેણે સ્વજન માટે પૂરતું ન કરી શક્યા નો અફસોસ અને ડંખ એવી અપરાધની ભાવના હોય

➢ રોજ સંક્રમિત થવાનો ડર અને બીમારી કહી શકાય એટલી હદે સંક્રમિત ન થવાય તેની તકેદારી

➢ સગવડોના અભાવને કારણે સરકાર, રાજકારણીઓ અને તંત્ર વ્યવસ્થા સામે આક્રોશ

- મિત્રો, સ્વજનો અને સગાસંબંધીઓના રૂબરૂ સંપર્કના અભાવનો અફસોસ, સ્પર્શ અને હૂંફની ઊણપ
- સતત ઘરેથી જ કામ કરવાના ગેરફાયદા
- સતત નોકરી ખોવાનો ડર
- ધંધા બંધ હોવાથી આર્થિક મુશ્કેલીઓ અને ભવિષ્યનું શું થશે તેનો ડર
- વિદ્યાર્થીઓ માટે ફક્ત ઑન-લાઈન ભણવાનું, અન્ય પ્રવૃત્તિ નહીં
- ડૉક્ટરો અને ફ્રન્ટલાઈન વકર્રો માટે સતત કામની જવાબદારીની તાણ. સારવારનો તનાવ અને કેટલાકને બચાવી ન શક્યા એનો અફસોસ
- અને આવું તો ઘણુંબધું.......

અને આ બધું સતત ૧૫ મહિનાથી. ક્યાંક પરિસ્થિતિ સુધરવાના આશા જાગી ત્યાં તો બીજી લહેર, વધુ વેગે, વધુ આકરી...

પહેલા વર્ષમાં ડર, ચિંતા અને તણાવ હતા, તો બીજા પ્રવાહમાં શૂન્યતા, સુન્નતા અને લાચારી.

એમાં પાછી સતત ઍમ્બ્યુલન્સની સાયરનો,

એમાં પાછું ટી.વી., WhatsApp અને અન્ય માધ્યમોમાં આવા જ ભયાવહ સમાચારો.

અને આ બધાને કારણે એક મોટો વર્ગ હતોત્સાહ થઈ ગયો છે.

ચિંતા, હતાશા, ચિત્તભ્રમ, અનિદ્રા, ભયાવહ વિચારો, દુ:સ્વપ્નો, ડર, જીવન જીવવાનો અભિગમ ખોઈ ચુકવાની ભાવના, સર્વે પ્રત્યે આક્રોશ, ચિડિયાપણું, ક્યારેક આત્મહત્યાના વિચારો. આમાંથી કોઈ ને કોઈ ચિહ્નો ઘણાને જણાયાં હશે. જે આગળ જતા માનસિક બીમારીમાં પણ પરિણમી શકે અને એની અસરો કદાચ બાકીની જિંદગી પર વધુ-ઓછા અંશે બની રહે.

આવા સંજોગોમાં જ્યાં લક્ષણો ઉગ્ર હોય તો બે મુખ્ય ઉપાયોમા....

- યોગ્ય ડૉક્ટરની સલાહ અને માર્ગદર્શન હેઠળ સારવાર
- ઘણીબધી Helpline સહાય માટેના સેન્ટરો ઉપલબ્ધ છે જ્યાં તમો તમારી ચિંતાઓ રજૂ કરી શકો છો. દુ:ખ હળવું કરી શકો છો અને માર્ગદર્શન મેળવી શકો છો. મોટા ભાગની ઓનલાઈન છે.

પરંતુ તમો આ તબક્કા સુધી ન પહોંચ્યા હોય તોપણ સાવચેતી લેવી જરૂરી છે જેવી કે.....

- ➢ ટી.વી. અને સોશ્યલ મિડીયાનો ઉપયોગ ઘટાડો. ટી.વી અને whatsapp વગેરેના માધ્યમ હાલ નકારાત્મક માહિતીથી ભરેલાં છે. તેમાં આવતા આંકડાની માયાજાળને મહત્ત્વ ન આપો. આ આંકડા આપણા કોઈ જ કામના નથી
- ➢ વાતો કરવાનું પ્રમાણ વધારો, મિત્રો સાથે, સંબંધીઓ સાથે ફોન પર કે વીડિયો કોલ પર, સકારાત્મક વાતો કરો. આ તમને હળવા બનાવશે
- ➢ મિત્રવર્તુળ કેળવો અને સંપર્કમાં રહો. એવું મિત્રવર્તુળ જે તમારા સંકટ સમયની સાંકળ બની શકે. જે તમને કોઈ પણ સવાલ ન કરે, પણ સમજી શકે
- ➢ જીવનશૈલી શિસ્તબદ્ધ બનાવો. પૌષ્ટિક ખોરાક લેવાની ટેવ કેળવો
- ➢ નિયમિત ઊંઘ જરૂરી છે. સવારે ઊઠવાનો એક જ સમય રાખો. જો ઘરેથી કામ કરતા હો તો કામ અને ઊંઘનું સ્થાન અલગ રાખો
- ➢ સારી આદતો કેળવો, વાંચવાની સંગીતની વિ. બાળપણમાં જો કોઈ શોખ રહી ગયો હોય તો એ પૂરા કરવાની કોશિશ કરો.
- ➢ નિયમિત કસરત કરો. બહાર નીકળવાનું રાખો. બહાર નીકળવાથી એક માનસિક, સકારાત્મક અભિભુતિ થાય છે. કોરોનાના ડરથી પોતાને નજરકેદ ન રાખો
- ➢ જીવનમાં હાસ્ય અને વ્યંગ વણી લો, મજાક મસ્તી ને અભિન્ન અંગ બનાવો
- ➢ કાર્યશીલ ક્રિયા કરતા રહો, જેમાં મન પરોવાઈ રહે. મગજને કસરત મળે એવી રમતો, બોર્ડ ગૅમ્સ, મોબાઈલ પર રમતા રહો
- ➢ સૂવાના ઓછામાં ઓછા અડધા કલકા પહેલાં ટી.વી., whatsappનો ત્યાગ કરવો. યોગ્ય વાંચનની ટેવ રાખો
- ➢ સકારાત્મક રહો. જેમના સંગાથથી તમારામાં સકારાત્મક ઊર્જાની સ્ફુરણા થાય એવાં વ્યક્તિના સંપર્કમાં રહો
- ➢ બીજાની તુલનામાં આપણી પાસે તો ઘણુંબધું છે. તમો નસીબદાર છો એવી ભાવના ભાવો અને છેલ્લે

આ છેવટનું નથી, બદલાવ આવશે, સારા માટે આવશે, એવી મનેચ્છા કેળવતા રહો. ચાલો આપણે કોરોનાથી અને એના ડરથી પ્રેરિત માનસિક ભાવનાઓ પર વિજય મેળવવાની હામ ભીડીએ.

# પ્રમુખશ્રીની કલમે

ડૉ. મંજુલા વી. શાહ

## કૈકેયી ન્યાય માગે છે ?

હાલમાં જ હું, લેખક શ્રી દિનકર જોષીનું ઉપરનું મથાળું જોઈ લેખ વાંચવા પ્રેરિત થઈ. લેખમાં ક્યાંય પણ પક્ષપાત નથી. જે હકીકત છે તે કૈકેયી સ્વમુખેથી આપણી સમક્ષ વ્યથા ઠાલવે છે. લેખક શ્રી દિનકરભાઈ લખે છે કે, ''મથાળું વાંચીને વાચકમિત્રોના મનમાં જરૂર પ્રશ્ન થશે કે કૈકેયી જેવી દુષ્ટ સ્ત્રીને ન્યાય માગવાનો શું હક છે?'' ભગવાન રામ અને પોતાના પરિવારને સૌથી વધુ અન્યાય કર્યો હતો, એ પોતાના માટે કઈ રીતે ન્યાય માગી શકે ? ગ્રંથકારો અને કથાકારોએ છેલ્લાં પાંચ હજાર વર્ષથી કૈકેયીને આપણી સમક્ષ ખલનાયિકા તરીકે જ ચીતરી છે, પણ શું રાજા દશરથની યુવાન પત્ની અને ભરતની મા એટલી દુષ્ટ હતી? શું એ સ્ત્રીજાતિ માટે કલંક હતી? પ્રસ્તુત લેખ ખૂબ લાંબો છે. અહીં મેં લેખના થોડા મુદ્દાઓ રજૂ કર્યા છે. લેખ વાંચીને કૈકેયીને એક સાવ નવી દૃષ્ટિથી વાંચી અને વિચારો.

મારું નામ કૈકેયી - કૈકેય દેશના રાજા અશ્વપતિની હું પુત્રી, અયોધ્યાપતિ મહારાજ શ્રી દશરથની ધર્મપત્ની. મારું નામ એ જ પૂરતી ઓળખાણ છે. તમારી આટલી ઉંમરમાં તમારા કોઈ પરિવારમાં કોઈ કન્યાનું નામ કૈકેયી હોય એવું સાંભળ્યું નહીં હોય. કૈકેયીને કારણે જ રાજા દશરથનું મૃત્યુ થયું હતું. રાજા બનવાને બદલે રામને અરણ્યવાસી બનવું પડ્યું, રામના અરણ્યવાસને કારણે સીતાનું અપહરણ થયું હતું, સીતાને છોડાવવાના માટે રામને યુદ્ધ કરવું પડ્યું. આ યુદ્ધમાં લાખો જીવોનો સંહાર થયો. અરણ્યવાસ સમાપ્ત થયા પછી પણ એની કાળી છાયા હેઠળ ફરી એકવાર રામે સીતાનો ત્યાગ કર્યો. આ બધી કરુણાંતિકા માટે કૈકેયી અને માત્ર કૈકેયી જ જવાબદાર છે એમ આપણે સૌ માનીએ છીએ. મહર્ષિ વાલ્મીકિએ પોતાના ગ્રંથમાં સાવ સાચી વાત કહી દીધી હતી, પણ એ સચ્ચાઈને ઢાંકી તુલસીદાસે તમને બીજી વાત કહી એ માટે ન તો તુલસીદાસ સામે કોઈ ફરિયાદ કૈકેયીને છે.

લેખક શ્રી દિનકર જોષીએ કૈકેયીના સ્વમુખેથી નીચેના મુદ્દાઓનો વિસ્તૃતપણે ઉલ્લેખ કરેલ છે:

(૧) મહારાજા અશ્વપતિ સામે જ્યારે રાજા દશરથે કૈકેયી સાથે લગ્ન કરવાનો પ્રસ્તાવ મૂક્યો, ત્યારે પિતા તરીકે મહારાજા અશ્વપતિ પોતાની લાડકી પુત્રી અયોધ્યાના અંતઃપુરમાં બે પત્ની ઉપર કૈકેયી જાય તો એના પુત્રનું શું ? તેથી એમણે રાજા દશરથ સમક્ષ એક શરત મૂકી, કૈકેયીને પેટે જે પુત્ર જન્મે એ જ અયોધ્યાનો ભાવિ યુવરાજ બને એવું વચન માગ્યું અને દશરથરાજાએ સંમતિ દર્શાવી વચન આપ્યું.

(૨) દેવાસુર સંગ્રામમાં કૈકેયી મહારાજા દશરથના રથના સારથિ તરીકે કામગીરી કરીને રાજાના જીવનની રક્ષા કરી હતી. કૈકેયીના આ કાર્યના પુરસ્કારરૂપે દશરથરાજાએ બે વરદાન આપ્યાં હતાં.

(૩) ભરત જ્યારે મોસાળ ગયો હતો અને કૈકેયીની જાણ વગર દશરથરાજાએ રામના રાજ્યાભિષેકનું આયોજન કરી નાખ્યું ત્યારે નગરીમાં ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો, ત્યારે મંથરાએ આ વાત કૈકેયીને કરી.

(૪) હવે તમે જ કહો આ વાત ઉચિત કહેવાય? જે રીતે રામના રાજ્યાભિષેકનું આયોજન થયું એમાં પૂર્વે અપાયેલા વચનનું ઉલ્લંઘન નહોતું? ભરતનો રાજ્યસિંહાસન પરનો અધિકાર તો એના જન્મ પૂર્વે જ પ્રસ્થાપિત થઈ ચૂક્યો હતો. મારા પિતા મૃત્યુ પામ્યા એટલે એનો અર્થ એવો કે અપાયેલું વચન મૃત્યુ પામ્યું. મને રામ પ્રત્યે કોઈ દ્વેષ ન હતો. માત્ર પતિ પ્રત્યે એમના વચનભંગના કારણે, એમણે મારી અવગણના કરી તેનો રોષ, તેમ જ રોષ કરતા વિશેષ પુત્ર ભરતની ચિંતા. એક સ્ત્રી તરીકે મારો ઘમંડ છંછેડાય તો એને તમે મહાપાપ કહેશો? દશરથરાજાએ આપેલાં અને આજ સુધી વપરાયાં વિના રહેલાં બે વરદાનનો ઉપયોગ કાં ન કરું.

(૫) ભરતને ગાદી અને રામને વનવાસ - રામને વનવાસ શા માટે એવો પ્રશ્ન કદાચ તમારા મનમાં થશે. ભરતના રાજ્યાભિષેક પછી જે કંઈ સંભવિત ખટરાગ, અવિશ્વાસ અને ઉચ્ચક મન થાય એ સંજોગો ટાળવા તા. જો રામ અયોધ્યાથી દૂર વસે, આંખથી અદીઠ હોય તો ભરત વધુ સુરક્ષિત રહે. પુત્ર ભરતના કલ્યાણની ભાવના અગ્રસ્થાને હતી. મને

કલંકિની, દુરાચારિણી, પાપિણી, હત્યારી, બધાએ કહ્યું. મારા પુત્ર ભરતે પતિઘાતિની, કુલનાશિની, મારી નજર સામેથી દૂર થા, આત્મહત્યા કર કે અગ્નિપ્રવેશ કરી ભસ્મ થઈ જા. પુત્ર ભરતે તિરસ્કારથી મોં ફેરવી લીધું. મેં જે કંઈ કર્યું હતું એ બધાની પૂર્વભૂમિકા કોઈએ મૂદ્લ લક્ષમાં લીધી નથી. હવે તમે જ કહો, રોષ અને ચિંતાને કારણે મેં કોઈ અનુચિત પગલું ભર્યું હોય તો એમાં પણ મને ન્યાય મળવો જોઈએ એમ તમને નથી લાગતું ? આજે પાંચ હજાર વરસ પછી આજે પણ તમે સહુ જે ભાવ ધરી રહ્યા છો એ ન્યાય છે ખરો ? આ લેખક દિનકર જોષીનું કૈકેયીનું ચિત્ર આ લેખ વાંચ્યા પછી મારા મનમાં વિચારોની ઊથલપાથલ રચાઈ. ટૂંકમાં મારા વિચારો રજૂ કરું છું.

ઘરમાં ભૂલથી મૂલ્યવાન મંચની ભેટમાં આવેલી વસ્તુ તૂટી જાય તો આખું ઘર ઊઘડો લઈ ધૂળ કાઢી નાખે, ન બોલવાના શબ્દો સાંભળવા મળે. અહીં તો લાડલા પુત્ર રામને અપરમાતા તરફથી ઘરની બહાર કાઢવામાં આવે, ત્યારે મા કૈકેયી પર કાંઈ ઓછી વીતી હશે ? કલ્પના કરો આ કુટુંબમાં માતા કૈકેયી ન હોત તો ?

(૧) રામને વનવાસ નહિ આવે

(૨) રામ બહાર જાય નહિ

(૩) અધમ, અકૃત્ય કરનાર અસુરો, રાક્ષસો મરત નહિ,

(૪) નિર્દોષ માણસો સુખેથી રહી શક્ત નહિ

(૫) રામને કોઈ ઓળખત નહિ, તો પૂજવાની, ભગવાન તરીકે સ્થાન આપવાની જગતને ક્યાંથી ખબર પડે. રામ નામનું ઈશ્વરનું પાત્ર આપણને ન મળત

(૬) કૌશલ્યાએ રામને જન્મ આપ્યો, પણ જેમને બહાર લાવી અમર બનાવવાનું કામ માતા કૈકેયી જ કર્યું

(૭) કૈકેયીએ માનસિક અસહ્ય પીડા વેઠીને આખા જગતને રામ આપેલ છે.

વાચકો, આપ કૈકેયીને ન્યાય આપી આપનાં મંતવ્યોની અપેક્ષા

મો. ૯૩૭૨૮૮૧૨૮૦

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦ ૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાર્ટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# પગદંડીને પત્ર

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

## મેરા કચ્છી વીસા ઓશવાલ માણસ (માનવ) મહાન

''મેરા ભારત મહાન'' - દેશપ્રેમી વ્યક્તિને આ સ્લોગન ખૂબ ગમશે, પણ આપણે જ્યારે એકાંતમાં આપણા દેશ વિશે વિચારીએ ત્યારે આ સ્લોગન ''પોથીમાંનાં રીંગણાં'' જેવું લાગે.

બરાબર એ જ રીતે જ્યારે હું કહું કે મેરા કચ્છી વીસા ઓશવાલ માનવ મહાન ત્યારે મનમાં ગલગલિયા થાય, પણ ઈમાનદારીથી વિચારશો તો સમજાશે કે આપણે - આપણો સમાજ ક્યાં ઊભો છે. પ્રિય વાચકો, મને સમાજવિરોધી ન સમજતા. શરીરમાં જ્યારે કૅન્સરની ગાંઠ હોય ત્યારે ડૉક્ટર એને કાપીને ફેંકી દે છે. ત્યારે ડૉક્ટર એ માનવવિરોધી નથી. એવી જ રીતે સામાજિક બૂરાઈઓ પ્રત્યે અંગુલીનિર્દેશ કરનાર કવિ અખો (અખા ભગત) કે કડવા પ્રવચન દ્વારા દિગંબર મુનિ તરુણસાગરજી કે ગુજરાતી લેખક ચંદ્રકાંત બક્ષી પોતાની આગવી ઢબે સમાજમાં રહેલી બૂરાઈઓ પ્રત્યે આંગળી ચીંધે ત્યારે તેઓ સમાજવિરોધી નથી, પણ તેમને સમાજસેવી નજરે જોવા જોઈએ. નીચે લખેલાં વિધાનો પર ઈમાનદારીથી નજર ફેરવો અને બધા ભેગા મળી કહો 'મેરા કચ્છી વીસા ઓશવાલ માનવ મહાન'.

આપણે-આપણો સમાજ કેટલા મહાન છીએ તેની ખાસિયતો (કે ખસલતો) વાંચો જરા.

૧) સગા માડી જાયા ભાઈ કે બહેન સાથે અબોલા, તે પણ જીવનભરના અને એક-બે ઉદાહરણ નહીં દરેક ઘરમાં. બોલો મેરા ક.વી.ઓ. મહાન

૨) સગો ભાઈ પૈસા ઉધાર લેવા આવે તો કહેશે અરે! બે દિવસ પહેલાં આ લીધું, તે લીધું, આને આપયા તેને ચૂકવ્યા. પૈસા આપવા આનાકાની, પણ બોર્ડ ઉપર નામ આવતું હોય તો તરત તૈયાર... બોલો મેરા ક.વી.ઓ. મહાન

૩) કચ્છમાં પોતાના ગામમાં વડીલોની મિલકત ગામનાં માથાભારે તત્ત્વો હડપ કરી લે તો ચાલે પણ સગા ભાઈને ન આપે. બોલો મેરા ક.વી.ઓ. મહાન

૪) સગા ભાઈને કોઈ પડોશી મારતો હોય તો તેને છોડાવવા જવાને બદલે, ભાઈને બચાવવાને બદલે,''ઈતા આય અન જ લાગજો'' બોલનાર આપણે. બોલો....

૫) સગા ભાઈ પાસે થી ૫૦૦૦/- લેવાના બાકી હોય તો પઠાણી ઉઘરાણી કરનાર, અન્ય સ્થળે હજારો ને લાખોનું દાન આપનાર આપણે. બોલો મેરા....

૬) બિચારો આપણો જાતભાઈ, ભલે ૪૦ વર્ષનો કુંવારો રહી જાય (વાંઢો મરી જાય), પણ પરધર્મી સાથે લગ્ન કરી, સમાજનું અહિત કરનાર છોકરી માટે ગર્વ લેનાર. બોલો મેરા.....

૭) ગરીબ ભાઈ પિતાની - વડીલોની મિલકત વેચતો હોય તો અન્ય સંપન્ન ભાઈઓ અને સુખી-સાધન-સંપન્ન બહેનો પણ સહી કરી આપવા સારી એવી રકમ માંગે બોલો મેરા....

૮) ધન....ધન.... ધન.... (પૈસો) કરતા ધનજીભાઈનું નિધન થઈ જાય પણ ક્યારેય ધંધામાંથી રિટાયર થવાનું ન વિચારનાર આપણે. બોલો મેરા ક.વી.ઓ.....

૯) આશ્રમમાં રહેતા કોઈ વડીલના મૃત્યુ ખબર પત્રિકામાં વાંચીએ નજીકનાં સગાંઓનાં નામ વાંચીએ, ત્યારે કાળજું કંપી ઊઠે કે આપણે આટલા નિષ્ઠુર. આ શીખવાડે છે આપણો જૈન ધર્મ ?... બોલો મેરા ક.વી.ઓ....

૧૦)રસ્તામાં જતાં સામે ભાઈ-ભાભી કે બહેન મળે તો મોઢું ફેરવી લઈ રસ્તાની સાઈડ બદલી નાખીએ, પણ પત્રિકામાં આખા પાનાની મરણો ખબરમાં ભાઈતુલ્ય, બહેનતુલ્ય, પુત્રતુલ્ય, માતાતુલ્ય, પિતાતુલ્ય, વાહ ભાઈ વાહ (વાહ આંઉ વાહ)

૧૧)હૉસ્પિટલમાં બીમાર સગાં વહાલાંને ખબર-અંતર પૂછવા જઈએ ત્યારે ''કાંઈ કામ હોય તો કહેજો''ના કાગળના ફૂલ વેરનાર બીજી જ પળે (એક રાત સૂવા આવજો) કહે તો ૧૦૦ બહાનાં કાઢનાર આપણે. બોલો મેરા ક.વીઓ. મહાન

આવા છત્રીસ લખણાં આપણે. આપણી મહાનતાના આવા બીજા ઉદાહરણ ધ્યાનમાં આવે તો ૯૩૨૦૮૪૮૮૪૫ પર જરૂર જણાવશો. જે દિવસે આપણે જાતે, આપણા પોતા પર ઑપરેશન કરી આ સડારૂપી ગાંઠો દૂર કરશું ત્યારે આપણે એટલું કહેવા લાયક બનીશું કે મેરા કચ્છી વીસા ઓશવાલ માનવ મહાન.

**વિસનજી જાદવજી ધરોડ**
**ગામ - પત્રી, મલાડ - ઈસ્ટ**
**મો. ૯૩૨૦૮૪૮૮૪૫**

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું**
**બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૨

# પગદંડી

અંક : ૦૩ જૂન - ૨૦૨૧

*-: માનદ્ તંત્રીઓ :-*
**અશ્વિન માલદે, શાંતિ રાંભિયા, ચંદ્રકાન્ત નંદુ**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળઃ શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ૩જે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :ksevasamj@gmail.com

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફ્ટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**-: લવાજમ :-**
વાર્ષિક : રૂા. ૧૦૦/-, પંચ વાર્ષિક : રૂા. ૪૦૦/-
આજીવન ૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
વિદેશ માટે અમેરિકન ડૉલર ડ્રાફ્ટથી ત્રિવાર્ષિક : ૫૦

**ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**

# પગ મેં ભ્રમરી

લીલાધર માણેક ગડા

## હરિ મોરો રાજી ભયો

બિદડા જૈન મહાજનની ઑફિસે આલોઘેલો, આધેડ વયનો શખસ નામે હરિલાલ છગનલાલ કંદોઈ ઉંમર વર્ષ ૬૮,ગામના મહાજનના પ્રમુખ હરખચંદભાઈ દેઢિયાને વિનંતી કરતો હતો કે, એને ગામખર્ચ કરવું છે, બિદડામાં ધુવાબંધ જમણ કરવું છે. હરિયો બહેરો હતો, એ સાંભળી શકતો નહીં એટલે હરખચંદભાઇએ કાગળ પર લખી જણાવ્યું કે, ગામખર્ચ રૂા. ચારેક લાખ થશે અને હરિયાએ દો ટૂક જવાબ આપ્યો, 'હું આપીશ' પ્રમુખને હરિયાની વાત પર વિશ્વાસ બેઠો નહીં, એટલે એણે હરિયા સાથે આવેલા એના લંગોટિયા મિત્ર દાઉદ કુંભારને પૂછ્યું કે, હરિયા પાસે એટલા પૈસા હશે ? ત્યારે દાઉદે વિશ્વાસ આપ્યો કે હરિયો એટલી રકમ આપશે.

ગામની પરંપરા પ્રમાણે હરખચંદભાઇએ બિદડા ગામની તમામ ન્યાતોના અગ્રણીઓની સભા બોલાવી જેમાં વીસેક હજારની વસ્તી ધરાવતા બિદડા ગામની નાની-મોટી પચીસેક ન્યાતોના પાંત્રીસેક જણ હાજર હતા. હરિયાએ સભામાં પોતાનો પત્ર રજૂ કર્યો, 'હું જમાર આખી ગામના જમણ જમ્યો છું. મારે ગામનું ઋણ ઉતારવું છે. ગામ જમણનો ખર્ચ અગાઉથી આપી દઇશ અથવા આપ કહો તો જરૂરી અનાજ-રસકસ ખરીદી મહાજનને આપી દઉં અને પ્રસંગ પતી ગયા પછી બાકીનો ખર્ચ આપી દઉં.' હરિયાનો પત્ર વાંચી સૌ નવાઈ પામ્યા, કારણકે મિટિંગ શરૂ થાય તે પહેલાં સૌને શંકા હતી કે આલોઘેલો, એક-બે જોડી કપડાં એના એ જ પહેરી ફરતા સાદા–સીધા હરિયા પાસે આટલા પૈસા હશે ? સૌએ હરિયાની વિનંતીનો સ્વીકાર કર્યો અને રસોઇથી માંડી જમાડવાની સર્વ જવાબદારી રાજગોર ભવાનજી મહારાજને સોંપવામાં આવી અને અન્ય વ્યવસ્થામાં તમામ સમાજોના કાર્યકરો જોડાવાના હતા. એક રવિવારે ધુવાબંધ ગામજમણ થયું. બિદડાના પંદર હજારથી વધારે લોકોએ લાભ લીધો. એમની ક્ષુધાતૃપ્તિના સંતોષ કરતાં વધારે પરિતૃપ્તિનો ઓડકાર હરિયાએ લીધો. ગામજમણની એંઠનો કોળિયો હરિયાએ મુખે લીધો ત્યારે એની આંખે આંસુ આવ્યાં. ગામજમણ પછી જૈન મહાજનના હીરાલાલભાઈ, ડૉ. પંકજ શાહ, ડૉ. મધુર મોતા, માજી સરપંચ ગાંગબાઈ મા, હરખચંદભાઈ, ઍડ્વોકેટ હસન લુહાર ઇત્યાદિ મેળાવામાં બેઠાં હતાં ત્યારે હરિયાનો સાથીદાર દાઉદ કુંભાર આવ્યો અને એણે હરિલાલ કંદોઈ ઉર્ફે હરિયાનો જીવનવૃત્તાંત કહ્યો જે સાંભળી સૌને વિસ્મય થયું.

જામનગર હાલારના પડધરી ગામના દશા

શ્રીમાળી સુખડિયા (કંદોઇ) ન્યાતના થોડા પરિવારોએ એકાદ-દોઢ સદી અગાઉ ત્યાંના કપરા સંજોગોમાં કચ્છમાં સ્થળાંતર કર્યું અને અંજાર-મુંદરામાં વસવાટ કર્યો. જેમાના એક પરિવાર હરિયાના વડીલો હતા. ત્યાર પછી તે પૈકી અમુક પરિવારોએ રોજગારી માટે ગામડાઓમાં વસવાટ કર્યો. હરિયાના પિતા છગનલાલ કંદોઈ બિદડા આવ્યા અને અહીં કંદોઇ વ્યવસાય શરૂ કર્યો. છગનભાઈના પરિવારમાં પત્ની, બે દીકરાઓ અને મંદબુદ્ધિની દીકરી મળી પાંચ જણ હતઈ. આજથી ૬૦-૬૫ વર્ષ અગાઉ બિદડા ગામની વસ્તી ત્રણેક હજારની હશે. બિદડા ગામમાં કંદોઇની મીઠાઈ-ફરસાણનું મર્યાદિત વેચાણ એટલે આવક પણ મર્યાદિત, જેથી છગનલાલના બે છેડા માંડમાંડ ભેગા થાય. મોટો દીકરો ચમનલાલ વીસી વટાવે. તે અગાઉ તાવમાં મૃત્યુ પામ્યો. નાનો દીકરો હરિલાલ નાનપણથી જ બહુ ઓછી શ્રવણશક્તિ ધરાવતો હતો. દીકરી પુષ્પા મંદબુદ્ધિની હતી અને પત્ની અવારનવાર બીમાર રહેતી હતી. હરિલાલને અક્ષરજ્ઞાન સાથે વેર હતું અને શ્રવણશક્તિના અભાવમાં એ શાળામાં સમજે પણ ઓછું. પહેલી ચોપડીમાં ત્રણ વર્ષ પસાર કર્યાં. દાઉદ કુંભાર અને ડૉ. મધુર મોતા ત્યારે એના સહપાઠીઓ હતા. હરિયાએ ભણવાનું મૂકી દીધું અને દશ વર્ષની વયથી પિતા છગનલાલને મીઠાઇ અને ફરસાણ બનાવવામાં મદદ કરવા લાગ્યો. દાઉદ કુંભાર સાથે એની દોસ્તી ગાઢ બનતી ગઇ.

છગનલાલને ખૂંટિયાએ અડફેટમાં લીધા અને ઈજાગ્રસ્ત છગનલાલને જીવનભરનો ખાટલો મળ્યો. કંદોઈ વ્યવસાય બંધ થયો અને પરિવારને બે ટંકના સાંસા પડવા લાગ્યા. માતા દીકરીને લઇ મોલ-મજૂરીએ જાય અને બાર-તેર વર્ષના હરિયાએ બિસ્કિટ-પીપરમૅંટની ફેરી શરૂ કરી. હરિયો સવારે બસસ્ટેન્ડ અને શાળાની આસપાસ ફેરી કરે. બપોર પછી ખાટલા પર બેઠાંબેઠાં છગનભાઇ હરિયા સાથે ફરસાણ બનાવે અને સાંજે હરિયો જૈન મહાજનના પરિવારોને ફરસાણ ડિલિવરી કરે. જે કંઇ બચત થાય એમાંથી જીવનગાડું ગબડ્યા કરે. બે-ત્રણ વર્ષ પછી હરિયો પિતા પાસેથી મીઠાઇ બનાવતા શીખ્યો અને થોડા સમયમાં તે ફરસાણ અને મીઠાઇ બનાવવામાં પાવરધો બની ગયો. હરિયાના સાટા અને ફરસી પૂરી ખૂબ વખણાય અને તેનાં છૂટક વેચાણને બદલે જૈન પરિવારોને ઑર્ડર પ્રમાણે બનાવી આપે. એની આ બે આઇટમોની માંગ મુંબઈથી આવવા લાગી અને હરિયાનો માલ બીજાઓ કરતાં વધારે ભાવે વેચાવા લાગ્યો. હરિયો બેસન, ખાંડ, તેલ વગેરે હવે હોલસેલ ભાવથી ખરીદવા લાગ્યો જેથી આવકમાં બે પૈસાનો વધારો થયો.

આ સમય દરમ્યાન હરિયાએ બીજો વ્યવસાય હસ્તગત કર્યો. માંડવી અને ભુજની હોલસેલ બજારોમાંથી બીડી, સિગારેટ, પીપરમેંટ, બિસ્કિટ, ખાંડ, તેલ, બેસન ઇત્યાદિ માલ રોકડેથી કસીને ખરીદતો અને ગામના છૂટક પાન ગલ્લાવાળા કે નાના દુકાનદારોને વાજબી નફાથી ઉધારે વેચે. દસથી બાર પાન ગલ્લાવાળા કે છૂટક દુકાનદારો

પાસેથી સમયસર ઉઘરાણી કરે અને પહેલી ચોપડીમાં ત્રણ વખત નાપાસ થનારો હરિયો દરેક ઘરાકનો હિસાબ પાકો રાખતો હતો. એને જે આવક થાય એમાંનો અમુક હિસ્સો જુદો રાખી બાકી રકમ એ જ વ્યવસાયમાં રોકાણ કરે. હવે એનો જીવનક્રમ ગોઠવાઇ ગયો. વહેલી સવારે ભુજ કે માંડવી જાય. માલ ખરીદી લાવે, બપોર પહેલાં ઑર્ડર પ્રમાણે ડિલિવરી કરે, બપોર પછી કંદોઇગીરી કરે અને સાંજે ઑર્ડર પ્રમાણે મીઠાઇ અને ફરસાણની ડિલિવરી કરે અને આમ ને આમ પચીસેક વર્ષ પસાર થઇ ગયાં. આ સમયગાળા દરમ્યાન મંદબુદ્ધિ પુષ્પાને બે વખત પરણાવી અને બન્ને વખત સાસરેથી ઘરે પાછી આવી. વીસ વર્ષ સુધી ખાટલે રહ્યા પછી પિતા છગનલાલ મૃત્યુ પામ્યા. માતા પણ બીમારી ભોગવી સ્વર્ગે સિધાવી. માતા-પિતાની સારવારનો ખર્ચ, મૃત્યુ પછીનું કારજ, બહેનનાં બે લગ્નનો ખર્ચ અને તે છતાં પણ હરિયા પાસે બચત રહી જેનું કારણ સખત મજૂરી . સાદગી સાથેનું કરકસરભર્યું જીવન, તદ્દન નિર્વ્યસની અને એક નવા પૈસાનો વ્યર્થ ખર્ચ નહીં. આ વર્ષો દરમ્યાન હરિયાની બહેને નજર ગુમાવી એટલે હરિયાને ફાળે ધંધા - રોજગારી ઉપરાંત બધું ઘરકામ અને બહેનને સાચવવાની જવાબદારી આવી.

હરિયાએ એના પાંત્રીસમા વર્ષે એટલે ૧૯૮૭થી એના જીવનને નવો મોડ આપ્યો. એ વર્ષથી એણે એની બચતમાંથી અમુક રકમનું દાન આપવાની શરૂઆત કરી અને એની આ પ્રવૃત્તિ જીવનની અંતિમ ક્ષણ સુધી ચાલુ રાખી. જીવનનાં છેલ્લા તેંત્રીસ વર્ષ સુધી દાન આપવાની વૃત્તિ હરિયાને આમઆદમીથી બે વેંત ઊંચા આસને બેસાડે છે. દાન આપવાનાં સાતેસાત ક્ષેત્રોમાં એણે દાનની ગંગા વહેવડાવી છે અને તમામ ધર્મોને સમાન સમજી તમામ ધાર્મિક સ્થળોને અનુદાન આપ્યું છે. ૧૯૮૭માં રૂા. ૧૧થી શરૂઆત કરી જીવનનાં અંતિમ વર્ષે રૂા. એક લાખના દાનની રસીદો હરિયાએ ફડાવી છે. લગભગ પચીસેક સંસ્થાઓને હરિયો નિયમિત રીતે પ્રતિવર્ષ અનુદાન આપતો હતો.

૧૯૮૭માં જે સંસ્થાને ૧૧નું દાન આપ્યું તેમાં ક્રમશઃ વધારો કરી ૨૦૧૭માં ત્રીસ વર્ષ પછીય સંસ્થાને રૂા. ૧૧,૧૧૧ જેટલું હરિયો અનુદાન આપતો. બિદડા ગામની ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, જીવદયા કરતી પાંજરાપોળો, સાધુ-સાધ્વીઓનું વૈયાવચ્ચ કેન્દ્ર, માનવમંદિર મસ્કાનું કન્યા છાત્રાલય, બાળાશ્રમ, માંડવીનું અંધ-અપંગ માટેનું મંડળ, મેઘજી સોજપાલ જૈન આશ્રમ, રામરોટી કેન્દ્ર... હરિયાનું નાનું-મોટું અનુદાન મેળવતી સંસ્થાઓનું લિસ્ટ લંબાતું જાય છે. ધ્રબુડીના ભૃગુ આશ્રમના નવનિર્માણ માટે પણ એણે અનુદાન આપ્યું છે. બિદડાની શાળા, બાલમંદિર, આંગણવાડીઓ દરેકને હરિયો પ્રતિવર્ષ યથાશક્તિ દાન આપતો. એણે પ્રથમ રસીદથી અત્યાર સુધીની તમામ રસીદો સાચવી રાખી છે અને આ દાનની રસીદોની સંખ્યા એક હજારથી વધારે હશે. માનસિક ક્ષતિગ્રસ્ત

બાળકીઓની સંસ્થા માનસી અને પોતાની કુળદેવી શ્રી ધારશક્તિ માતાના મંદિરને પણ હરિયો ભૂલ્યો નથી. બિદડાનું રામમંદિર, જખબૌંતેરા, હાજીપીર, તમામ સ્થળો હરિયાના દાનના અધિકારી બન્યાં છે.

હરિયાને જૈન ધર્મમાં અપાર શ્રદ્ધા હતી. વાસ્તવમાં જૈન ધર્મના અપરિગ્રહ સિદ્ધાંતને એણે જીવનમાં નખશિખ ઉતાર્યો હતો. બે જોડી કપડાં, સાદી ચંપલની જોડી જે તૂટે તો ત્રણ ચાર વખત સાંધી વાપરે. એનાથી વિશેષ એની પાસે પોતા માટે કશું જ નહીં. એને કોઈ પણ વ્યસન નહીં, મોજશાખ માટે કશું વાપરે નહીં. મધમાખીની જેમ સંચય કરે ખરો, પણ એનો એ પરિગ્રહ પરકાજે હતો. હરિયાએ ગામમાં કોઇ સાથે ઝઘડો કર્યો હોય, વેર બાંધ્યું હોય એવો એક પણ કિસ્સો એના જીવનમાં બન્યો નથી. નિઃસ્પૃહી, પવિત્ર અને પરગજુ હરિયો સાચો જૈન હતો.

હરિયાની જિનભક્તિ અનોખી હતી. બિદડા દેરાસરમાં નિયમિત દર્શન માટે જાય. દર પર્યુષણ પર્વમાં સ્વપ્નો માટેની ઉછામણીમાં ભાગ લે અને એક સ્વપ્ન પધરાવવાનો દર વર્ષે લાભ લે. જૈન તહેવારોમાં એકાદ તહેવારે પ્રભુજીની આંગીનો પણ લાભ લે. સુથરી, કોઠારા, ગુણપાર્શ્વનાથ, દેઢિયા બૌંતેર જિનાલય, માનવમંદિર, જૈન દેરાસર-વાંકી, ભદ્રેશ્વર ઇત્યાદિ તીર્થોનાં સાધારણ ખાતાંઓ, સ્નાત્ર પૂજા અને પક્ષીઓને ચણ માટે એણે લખાવેલા પૈસાની રસીદો એના પટારામાંથી નીકળી છે.

બધિર ભાઇ હરિયા અને અંધ બહેન પુષ્પા વચ્ચે અનોખો પ્રેમસંબંધ છે. પોતાની બહેનને સાચવવાની સંભાળવાની આજીવન જવાબદારી હરિયાએ સ્વયં સ્વીકારી છે. દર તહેવાર અને વિશેષતઃ સાતમ-આઠમ-નોમના બહેનને નવાં કપડાં અને દાગીના પહેરાવી હરિયો ગામમાં લઇ જાય અને નોમની ગામની રવાડીનાં દર્શન પુષ્પાને હરિયો પોતાની આંખે કરાવે. રક્ષાબંધને બહેન પાસે રાખડી બંધાવે અને ભાઈબીજના બહેન પાસે ઓવારણાં લેવડાવે. દરરોજ રસોઈ સ્વયં બનાવી બહેનને જમાડ્યા પછી જમે અને વાર-તહેવારે પુષ્પાને મનભાવતી મીઠાઇની વાનગી પીરસે.

ગામખર્ચ પછીના દશેક દિવસે હરિયાએ દાઉદને બોલાવ્યો અને જણાવ્યું કે, હવે એ પોતાની સંપત્તિમાંથી પોતાની અને પુષ્પાની જીવાઈ માટેની રકમ જુદી રાખી અન્ય સંપત્તિ જુદી-જુદી સંસ્થાઓને અનુદાન સ્વહસ્તે કરવા ઇચ્છે છે. દાઉદભાઇએ હરિયાભાઇનો મનસૂબો હીરાલાલભાઇ, ડૉ. મધુર મોતા, ડૉ. પંકજ શાહ, ઍડ્વોકેટ હસન લુહાર સમક્ષ રજૂ કર્યો.

દરમ્યાન હરિયાને હૃદયરોગનો હુમલો આવ્યો. હરિયાની પ્રાથમિક સારવાર ડૉ. મધુર મોતાએ કરી જેના પર હરિયાને પૂરેપૂરો ભરોસો હતો. હૃદયરોગના હુમલામાંથી હરિયો હેમખેમ બહાર આવ્યો. ત્યાર પછી થોડા દિવસોમાં એણે પોતાની તમામ અસ્ક્યામતો-મિલકતનું વિલ બનાવવાનો નિર્ણય લીધો. દાઉદ અને હરિયો

ખજીરાની બેગ ભરી હીરાલાલભાઈ આણી મંડળીને મળ્યા. હરિયાએ હીરાલાલભાઈ અને મિત્રોને જણાવ્યું, 'આ બૅગમાં મારું સર્વસ્વ છે. એમાં મેં આપેલા દાનની રસીદ તથા મારી બૅંકની અને પોસ્ટ ખાતાની ફિક્સ ડિપૉઝિટોની રસીદો તથા અન્ય રોકડ વગેરેનું લિસ્ટ છે. મેં બધું જેમ-તેમ મૂક્યું છે તેને વ્યવસ્થિત ગોઠવી પાકું લિસ્ટ બનાવી આપશો અને તમારી સલાહ અને મારી ઇચ્છા પ્રમાણે હું વિલ બનાવવા માગું છું.

હીરાલાલભાઇએ બૅગમાંથી બધા કાગળો, રસીદો બહાર કાઢી જુદાં-જુદાં તારવ્યાં. સને ૧૯૮૯ થી ૨૦૧૮ સુધીના દાનની રસીદોને ક્રમવાર ગોઠવી. બૅંકોની ફિક્સ ડિપૉઝિટની રસીદો બૅંક પ્રમાણે અને પાકતી મુદત પ્રમાણે ગોઠવી અને તેવી જ રીતે પોસ્ટ બચત રસીદો ગોઠવી. અત્યાર સુધી હરિયાએ આપેલાં અનુદાનો આશરે રૂા. દશેક લાખ જેટલાં થતાં હતાં. જ્યારે બૅંક રસીદો, પોસ્ટલ રસીદો અને રોકડ મળી હરિયા પાસે રૂા. વીસેક લાખની સંપત્તિ હતી. હરિયાએ બન્ને ભાઇ-બહેનો માટેની જીવાઇ માટે રૂા. પાંચ લાખ નોખા મૂકી અન્ય રૂા. પંદરેક લાખ જેટલા થતા હતા જેનું અનુદાન વિવિધ સંસ્થાઓ માટે કરવા હરિયાએ ઇચ્છા દર્શાવી. જીવનભર પોતાને માટે ખપથી પણ ઓછું વાપરી, પાઈપાઈ અન્યોને માટે બચાવી, કોઈપણ જાતના અભિમાન, આડંબર વિના અર્પણ કરવાની ઉદાત્ત ભાવના ધરાવનારો હરિયો સાધુચરિત હતો.

હરિયાની ઇચ્છા પ્રમાણે એનું વિલ તૈયાર કરવામાં આવ્યું. પોતે અને પોતાની બહેન પુષ્પાની જીવાઇ માટે જોગવાઇ થઇ. હરિયાનું રહેણાક મકાન બંનેનાં મૃત્યુ પછી બિદડાના શિશુમંદિરને અર્પણ કરવાનું છે. રસીદો અને પોસ્ટ રસીદો પાકતી મુદતે વટાવી તેની રકમ બિદડા, મસ્કાની સામાજિક સંસ્થાઓને આપવાનું પ્રાવધાન છે. પોતાની કુળદેવીના બંધાતા મંદિરને પણ સારી રકમ આપવામાં આવશે. વિલમાં દર્શાવેલી રકમ સિવાય અન્ય કોઈપણ પ્રકારની અસ્ક્યામતો કે રકમો અના નામે મળે તો એનું અનુદાન કરવાનો નિર્ણય વિલના એક્ઝિક્યુટરોને કરવાનો છે.

જોગાનુજોગ આજથી થોડા દિવસ અગાઉ હરિલાલ છગનલાલ કંદોઇ ઉર્ફે હરિયાનું હૃદયરોગના બીજા હુમલામાં દુઃખદ અવસાન થયું. એણે જીવનભર કોઇની ચાકરી માગી નહીં, પરવશતા ભોગવી નહીં અને બીજા માટે, પરકાજે જીવ્યા અને મૃત્યુ પામ્યા. એને ઋષિ મૃત્યુ કહી શકાય. ઉપરોક્ત હકીકતો જાણી ત્યારે મુખેથી દુહો સરી પડ્યો.....

ટીપેટીપે તાલાબ ભર્યો

જનજનાવર પંખીએ પીયો

આનંદે ઓડકાર લિયો જબ

હરિ મોરો બહુ રાજી ભયો

આ હરિ એટલે ઈશ્વર અથવા હરિયો....

આપણે મન બન્ને એક.

# કચ્છના ઈતિહાસના પાનેથી

વસંત લીલાધર કચ્છ કેસરી

## સો વર્ષ પૂર્વે કચ્છ માંડવીનો વેપાર

(લેખકઃ શ્રી ન્હાનાભાઈ ડી ઉપાધ્યાય, અંજાર)

સૌ વર્ષ પૂર્વે કચ્છ માંડવીની ધરતી લગભગ ૫૦૦૦૦ માણસોની ગણાતી. પશ્ચિમ હિંદનાં વેપારી બંદરોમાં માંડવીનું બહુ ઊંચું સ્થાન હતું. માંડવીએ ઘણાય કુશળ નાવિકો અને સાહસિક વેપારીએ ઉત્પન્ન કર્યા. માંડવીનાં વહાણો, હિંદના મહાસાગરમાં મુસાફરી કરતાં વહાણો બહુ જ મજબૂત તેમ સુંદર ગણાતાં. તે વખતે માંડવી અને મુંદરાની કસ્ટમનો ઇજારો વાણિયા વેપારીઓ લેતા અને કચ્છના રાવશ્રીને લગભગ અગિયારથી  બાર લાખ કોરી આપતા. હૂંડીનો ભાવ લગભગ ૩૭૯ કોરી હતો. મોસમની શરૂઆત ભાદરવા સુદ ૧૫થી થતી અને જેઠ સુદ ૧૫ વખતે મોસમ બંધ થતી. જેઠ માસથી માંડવી બંદરથી વહાણ ન ચાલતાં. સિવાય કે ઘી અને રૂના લલચાવનારા ભાવો આવે તે વખતે મુંબઈ સુધી જતાં. શ્રાવણ માસમાં કોઈ વહાણ નીકળે તો ગંભીર સાહસ જ ગણાય.

માંડવીનો વેપાર મુંબઈ, મલબાર, સિંધ, મકરાન અરેબિયા અને જંજીબાર સાથે હતો. મોસમ ખૂલતાં જ, વરસાદને લીધે ખોભરી રહેલાં વહાણો પોતપોતાનાં બંદરો તરફ હંકારી જતા. સિંધ તરફનાં વહાણો ઘણાંખરાં ખાલી જતાં અને થોડાએક શીશમ દુપલા, પુની અને અડકાટનાં લાકડાં તેમ જ મુંબઈબરની સાકર અને ગોળ લઈ જતાં. કચ્છી વહાણો બતેલાં, નાવડીઓ અને કોટિયાં એ ત્રણ જાતનાં હતાં. માંડવી બંદરનાં લગભગ ૩૦૦ બતેલાં હતાં. અને ૫૦ થી ૫૦૦ ખાંડી સુધી માલ લઇ જતાં. નાનાં બતેલાં મુંબઈ, મલબાર, મસ્કત અને મકરાન સુધી ખેપ કરતાં જ્યારે મોટાં બતેલાં જંગબાર અને મોખા સુધી જતાં. નાવડીઓ લગભગ ૬૦ હતી અને ૫૦ થી ૨૦૦ ખાંડી લઈ જાય એવાં કોટિયેં લગભગ ૪૦૦ હતાં. અરબસ્તાનનાં વહાણો દાવ અને બગલા કહેવાતાં. સિંધના વહાણો ધંગી નામે એળખાતાં મકરની વહાણો બગળા અને મલબાર તરફનાં વહાણો ફતેમારીઓ તરીકે એળખાતાં. વહાણો તથા માલનો વીમો હાલ જેટલી ચોક્કસાઈથી ન ઊતરતો મસાલો અને હાથીદાંત માટે વીમાનો દર વધુ રહેતો. વેપારીઓ પોતાનો માલ ભાડે લીધેલા વહાણ કરતાં પોતાનાં વહાણોમાં બહુ સોંઘે મોકલી શકતા. તે વખતના નૂર કદાચ જાણવાજોગ થઈ પડશે. મુંબઈનું નૂર ખાંડીએ ૧ રૂપિયે, મલબારનું નૂર, ચોખાની ગુણીએ ૦ાા કોરી હતું. મલબારથી માંડવી આવતાં લાકડાનું નૂર ૨૦ મણની ખાંડીએ બે રૂપિયા હતું સોનમિયાણીનું નૂર ખાંડીની ૧૦ થી ૧૨ કોરી હતું જ્યારે સોબારનું ૧૪ થી ૧૫ કોરી હતું.

કચ્છમાં તે વખતે સોનારૂપાના રીઆલો, ઇબ્રામી, મોહરો, ઠઠા, હૈદરાબાદ, સુરત અને મુંબઈના રૂપિયા અને કચ્છની કોરી ચલણમાં હતાં. ૮ કોરીનો રૂપાનો રીઆલ, ૧૯ રૂપાના રીઆલોનો સોનાનો રીયાલ ગણાતો. તેમજ ૩ કોરીનો ૧ હૈદરાબાદી રૂપિયો. ૪ કોરીનો ઠઠાનો રૂપિયો. ૩ાા કોરી ૧ દોકડાનો સુરતી રૂપિયો અને ૧૮ કોરીની એક ઇબ્રામી એમ ગણતરી હતી.

કચ્છમાં ઉત્પન્ન થતી મુખ્ય વસ્તુઓ નીચે મુજબ હતી : રૂ, ઊન, અનાજ, ઘી, તેલ અને ગેંડાની તેમ જ હાથીના ચામડાની ઢાલો સન ૧૮૩૭માં જાણીતા રૂના વેપારીઓ, મોરારજીશા, ગુલાબચ દશા, કચરા પ્રધાન, રણછોડ ખેતાણી અને જુઠાશા ગણાતા રૂની ચડગત ચૈત્ર, વૈશાખ અને જેઠ માસમાં થતી રૂના વેપારીઓ ખેડૂતોને અંગ ઉપર નાણું આપતા અને રૂનો પાક બજારભાવ કરતા અમુક ટકે ઓછે આપવાનો કરાર કરાવી લેતા. માંડવિયા રૂ ઉપર મણે પાયલો જગાત હતી. માંડવી ઉપરાંત મુંદરા, તુણા અને જામ સાહેબના જોડિયા, જામનગર અને ખંભાળિયા બંદરોથી પણ રૂ ચડતું માંડવીમાં રૂ અબડાશા, વાગડ, પંચામ અને મારવાડથી આવતું. માંડવી, મુંદરા અને તુણા એ ત્રણે બંદરોથી વર્ષે ૧૫૦૦૦ ગાંસડી રૂ ચડતું અને દરેક ગાંસડીમાં ૧૦ મણ રૂ ગણીએ તો ચડગત જગાતની કોરી ૩૭૫૦૦ થાય. ૧૮૩૬ની સાલમાં વવાણિયા બંદરમાં ૭૦૦૦ ગાંસડી રાય અને જામ સાહેબને જગાત બદલ વાંધો પડવાથી, અટકાવી, રાખવામાં આવી હતી. કચ્છના બત્રીસ રૂપિયાભારનાં ૧ શેર લેખે ૫૦ શેરના એક મણ રૂનો ભાવ ૧૦ થી ૨૦ કોરી સુધી હતો. વરસાદ ન હોય ત્યારે ૨૫ થી ૩૦ કોરી પણ ભાવ થઈ જાય. આવક અને નિકાશની જગાતનું પ્રમાણ ૧૦ - ૪ ટકાનું હતું.

માંડવીથી મુંબઈ ચડતું ઊન, ભુજ, વાગડ, પંચામ, અબડાશા, મારવાડ અને જેસલમીરથી આવતું. શેઠ માંડવીમાં વસે અને તેના એજન્ટો ગામડામાં રહી મણ બે મણના જથ્થામાં ઉન ભેગું કરે. ૧૦૦ ઘેટાં પરથી એક વખત ઊતરેલું ઊન લગભગ એક મણ થાય. આમ વર્ષમાં બે વખત ઊન ઊતરે. એક વખત ભાદરવા મહિનામાં અને બીજી વખત ચૈત્રમાં. ભાદરવા મહિનામાં ઉતારેલ ઊન વરસાદ પડી ગયો હોવાના કારણે સારું હોય. ઊનની કિંમત તેના લંબાણના પ્રમાણમાં હોય છે. લાંબું ઊન વર્ષમાં એક વખત મળી શકે, પણ જો તે વખતે કાપવા માં આવે તો ઘેટાં ગરમીથી મરણ પામે. આ કારણથી લાંબું ઊન કસાઈઓ પાસેથી જ મળી શકે. કાળું ઊન સફેદ કરતાં કીમતી ગણાય, પરંતુ મોટા જથ્થામાં તો ગુજરાતમાં જ મળી શકે. જે કંઈ થોડુંઘણું કચ્છમાં થાય તે ભરવાડો પોતાની કામળીના છેડા માટે સાચવી રાખે. ઊનની ચડગત મોટી નહોતી કારણ કે ઘણુંખરું કચ્છના જ ઉપયોગમાં આવી જતું.

અનાજમાં લાલ તથા સફેદ ચોખા, મઠ, મગ, ઘઉં, ચણા અને અડદ મુંબઈ ખાતે ચડતા.

કચ્છથી ચડતું ઘી ઘણુંખરું પંચામ અને વાગડથી આવતું. તલનું તેલ પણ મોટા પ્રમાણમાં ચડતું.

ગેંડાની તેમ જ હાથીના ચામડાની ઢાલો, મકરાન, મસ્કત અને હામસ મોકલાવી આ ચામડાં જંગબારથી લાવવામાં આવતાં.

જંગબાર મસ્કત અને મોખા ખાતે કચ્છથી સુતરાઉ કાપડ પણ જતું જેવું કે ટૂંકા પના ગરકુલી, જાળાવાડ તથા મોરબી જાતનું ગામડામાં લોહાણાઓ, ઢેડ અને વોરાઓ પાસે સુતર વણવતા અને કાપડ કરી માંડવી મોકલાવતા.

મુંબઈના સુતરમાંથી કોળીઓ, વોરાઓ અને ખોજાઓ જાુદીજાુદી જાતના રેશમી કાપડ જે મસરૂ કહેવાય છે તે તૈયાર કરતા, જેવા કે પાંચપટા, આંબાવાડી, લાલાકા, ચીનાઈ, કતારિયા ચાંદ અને બીરબલશાઈ આ રેશમ મકરાન, મસ્કત અને મોખા ખાતે ચડતું.

માંડવીનો જંગબાર સાથે વેપાર - જંગબારથી માંડવી આયાત થતી વસ્તુઓમાં દર વર્ષે ૨૦૦ ગુલામો, હાથીદાંત, ગેંડાનાં ચામડાં, નાળિયેર, જુવાર, સોહીલી ચોખા,મીણ, તેલ, લીંબુની છાલ, લવિંગ, ચટાઈ રાન અને બળદનાં ચામડાં સમાઈ જાય છે. છએક વહાણો આ ધંધા અર્થે રોકવામાં આવતાં. આ વહાણો વર્ષની એક મુસાફરી કરતાં. પોશ માસમાં રવાના થઇ વૈશાખમાં પાછાં આવી જતાં. સાથે કાપડ, ખીલા, લંગરો, પાણીનાં ઠામો અને તાળાંવાળી પેટીઓ રાખતાં.

જંગબારમાં ગુલામનો વેપાર કરનાર ઘણાય હતા. કોઈકોઈ પાસે તો એકી વખતે ૧૦૦ ગુલામ બચ્ચાંઓ હોય. આ ગુલામોને કદ ઉપર જિવાડવામાં આવતા. આંતર પ્રદેશમાંથી આવાં બચ્ચાંઓને ચોરી લાવવામાં આવતા આવા ગુલામો કચ્છી વેપારીઓ ખરીદતા.

હાથીદાંત મેળવવા ત્યાંના વતનીઓ જંગલમાં ઝાડો ઉપર બેસે, સાથે કામઠાંઓ અને ઝેર પાયેલાં તીર રાખે. આવા તીરથી ઘવાયેલા હાથી ઝાડને નીચે પાડવા ખૂબ બળથી પ્રયત્ન કરે. આ જોસથી તીરના ઝેરની અસર તાત્કાલિક થઈ. હાથીનું મૃત્યુ નીપજે, ત્યાર બાદ નીચે ઊતરી તેના દાંત કાઢી લેવામાં આવતા. ગેંડાનું ચામડું પણ આવી જ રીતે મેળવવામાં આવતું.

જંગબારમાં મધમાખીઓ બહુ પ્રમાણમાં હોવાથી મીણની ઉત્પત્તિ ઘણી છે. ધુંવાડીથી મધમાખોને ઉડાડી દેવામાં આવે અને મધ કાઢી, મીણનાં ચોસલાં બનાવી કચ્છ માંડવી મોકલવામાં આવતાં.

બળદનાં ચામડાં ઉતારી તેના પર રાખ ભૂંસી. ચાર-પાંચ દિવસ સુધી સૂર્યના તાપમાં સૂકવવામાં આવે અને પછી પરદેશ મોકલાય

જંગબારમાં તે વખતે રિયાલ સિવાય અન્ય કોઈ જાતના સિક્કાનું ચલણ નેહાતું. નાની રકમની લેતી-દેતી ચીજોથી જ થતી.

માંડવીથી અફીણ, જોડા અને ચામડાંનાં પીપો પણ ચડતાં. અફીણ મારવાડ અને કરાંચીથી આવતું. કચ્છનું મીઠું પણ જંગબાર જતું.

મકરાન કિનારે આ આવતાં બંદરો નીચે પ્રમાણે છેઃ સોનુમિયાણી, અરબુના, ટાપુ પસની,

ગ્વાદર, ચોબાર, ઉત્પલના રાસ, જાસક, કોમુબરીક અને બંદર મીનાવ, પરતું માંડવીનાં વહાણો તો સોનમિયાણી, અરબુના, સતાડાપસની, ગ્વાદર અને ચોબારનાં બંદરો કરતાં. લગભગ ચાળીશથી પચાસ વહાણો આ વેપાર માટે ચાલુ હતાં અને વર્ષમાં ચાર-પાંચ ખેપ કરતાં, સાથે સાગ, શીશમ અને ફણસનાં લાકડાં પેટીઓ, ઢાલો, મશરૂ, હળદર, જીરું, સૂંઠ કાળા મરી, રંગીન કાપડ અને ધાતુઓ લઈ જતાં, મકરાનથી ઘી, સરસ, ઘઉં, મગ આદિ લાવતાં સરસની આવક લગભગ પ્રતિવર્ષે ૨૦૦ કળશીની હતી. જુદા જુદા કાપડની ૫૦૦૦ ગાંસડીઓ માંડવી પુરી પાડતી.

માંડવીનો વેપાર હિંદના પશ્ચિમ કિનારાનાં બંદરો સાથે પણ બહોળો હતો. જો કે, માંડવીથી ત્યાં કંઇઈ ચડતું નહીં. પરંતુ ત્યાંથી લાકડું, સઢ, બાસટી નામનું કપડું અને ઊંચા ચોખા આવતા. દમણથી આવો માલ લગભગ દર વર્ષે ૩૦૦૦૦ રૂપિયાનો આવતો. કોચીનમાં પણ માંડવીથી કંઈ ચડતું નહોતું પરંતુ કોચીનથી લગભગ ૨ લાખ રૂપિયાનું લાકડું ૫૦ લાખ નાળિયેર, ૧૦૦૦ ખાંડી કાથો, ૨૦૦૦ બંડલ સૂકેલાં નાળિયેર, ૨ાા કરોડ સુપારી, ૪૦૦૦ જોટા ચોખા, જુદી જુદી જાતના ચોખાની ૨૫૦૦૦ ગૂણી તેમ જ કાપડ સેલા, પટકા ચોકડીઓ તેમ જ હોળીના દિવસોમાં વપરાતા ગુલાલ માટે પતંગનું લાકડું પુષ્કળ પ્રમાણમાં માંડવી આવતું.

માંડવીનો વેપાર બાબલમાન્ડબની સામુદ્ર-ધુનીની બહાર બુરબુરાના બંદરે પણ હતો. ચાર-પાંચ વહાણો જતાં અને વજતે મુંબઈ અથવા મોખા થઈને આવતા. બુરબુરાનું કંઈ શહેર નથી પરંતુ ત્યાં આંતર પ્રદેશના લોકો હરેરા નામની રાજધાનીના શહેરમાંથી ત્યાં આવતા. આ લોકો સોમાલી કહેવાતા. માંડવીથી ૫૦૦ ગાંસડી કાપડ તથા મસરૂની જતી અને ત્યાંથી ગુંદ, બાબુલ, ખેર, અને એરિયો આવતાં. કચ્છી વહાણો મુંબઈમાં આમ લગભગ ૧૦૦૦ મણ ગુંદ અને તેટલા જ મણ એરિયો લાવતા. હીરાબાદ તેમ જ હીરા દખન પણ ૩ થી ૪ મણની ૪૦૦ ગુણી મુંબઈ આવતી. ૪૦૦ પેટી કૉફી પણ ચડતી તેમજ ૧૦૦૦ મણ ઘી કચ્છી વહાણો લાવતાં. સોમાલી લોકોના બે કાફલા દર મોસમે આ બંદરે વેચવાને માલ લઈ આવતા.

માંડવીથી મોખા બંદરે લગભગ ૫૦૦૦ ગાંસડી રૂ અને ૫૦૦૦ ગાંસડી કાપડ, ચારશો ગાંસડી સુતર નિકાસ થતું. ઉપરાંત ૨૦૦૦ કંડીવા ભજર, ૨૦૦ ગૂણી નવસાગર, ૨૦૦ મણ ટંકણખાર, ૨૫૦ મણ લાખ, ૨૦ કળશી પબડી, ૧૦૦૦ લીખીયા, ૩૦૦ મણ ગાંજો, ૧૫૦ પીપ તાડી, ૩૦૦ કળશી તલ ચડતાં. મોખાથી કિસમિસ દ્રાખ ૧૦૦૦ મણ લાલ દ્રાખ ૨૦૦ મણ અંજીર, ૭૦૦ મણ ખજૂર, ૫૦૦ વાડિયા, મીઠી આંબલી, ૫૦૦ બંડલ ટેટા, ૧૦૦૦ ખાંડી મનજીટ, ૩૦૦ થી ૪૦૦ ખાંડી એળિયો, ૧૦૦૦ મણ કૉફી, ૨૦૦૦ મણ વગેરે માંડવી આવતું.

કચ્છનો સિંધ સાથેનો વેપાર, એક બાજુએ લખપત, જખૌ, માંડવી, મુંદરા અને અંજારના માર્ગે અને સામી બાજુએ મગરાખી, સબુન્દર ગોરબારી અને કરાંચી તેમ જ અગાઉ દારાજીના

માર્ગે કે જ્યાં મોટા જથ્થામાં કેસર ઉગાડવામાં આવતું ત્યાંથી થઈને ચલાવવામાં આવતો. દારાજીનું બંદર ખારા પાણીની આવને લીધે તદ્દન ઉજ્જડ થઈ ગયું છે. ત્યાંના વતનીઓ ગોરબારી બંદર આગળ જઈ વસ્યા છે. સિંધથી કચ્છમાં સફેદ અને રાતા ચોખા, બાજરી, હળદર, પબડી વગેરે આવતાં. કચ્છથી લખપત માર્ગે લોખંડ, સ્ટીલ, સીસુ,ટીન, સાકર, જીરાસાર, ચોખા, સોપારી, દોરડા, સીંદૂર, નાળિયેર, કથરોટો, ખજૂર, ખારેક, લાકડું, સઢ, લાંબું મસરૂ કાપડ, લવિંગ, એલચી, દાલચીની, કબાબચીની, લોબાન, ચંદન, રેશમની દોરી, ભજર, કોઈક વખત રૂ, મલબારી સેલા, પટકા, દુપટ્ટા, રૂમાલ, મદ્રાસી કાપડ તેમ જ મુંબઈનું કાપડ સિંધમાં જતું. લગભગ ૯૩૫૦ ખરવારા ચોખા સિંધથી કચ્છ આવતા, બાજરી ૨૫૫૦ ખરવારા આવતી, પબડી પણ ૨૨૦ ખરવારા આયાત થતી, જ્યારે હળદર ૫૫૦ ખરવારા લગભગ થતી. માંડવીથી લોખંડ અને સ્ટીલ ૪૦૦ ખાંડી, ટીન પતરા કોડી ૪૦૦, સાકર ૧૦૦૦ ખાંડી, સુપારી ૪૦૦ ખાંડી, સિંદરી ૨૦૦ ખાંડી; જીરાસાર ચોખા ૧૦૦૦ ગૂણી, દશ લાખ નાળિયેર, કથરોટ ૧૦૦૦ કોડી, ખજૂર અને ખારેક ૪૫૦ ખરવારા બાંધકામનું લાકડું, ૨૨૦ ખરવારા અથવા સાતસો ગજ. મોખાથી માંડવી થઈને સિંધ જતા બાંબુ ૩૦૦૦ કોડી અને બીજો મસાલો લગભગ ૪૮ ખરવારા, ચંદન ૨૦૦ મણ, લોબાન ૬૫૦ મણ, ભજર ૧૦૦ મણ, રેશમની દોરી ૫૦ પેટી, મલબારી કાપડ ૪૦૦૦ રેજા અને મુંબઈથી કાપડ ૩૫૦૦ રેજા એ પ્રમાણે કચ્છ થઈને સિંધમાં માલ જતો.

ઉપર જણાવેલા આંકડાઓ પરથી માંડવીના વેપારની જાહોજલાલીના વખતની વાચકને કંઇક ઝાંખી થશે. આ વેપારથી કચ્છ દેશને કેટલો ફાયદો હતો થતો તેનો અંદાજ કાઢવો મુશ્કેલ છે. નીચે જણાવેલા ચંદન અને લોબાનના ભાવો પરથી ખર્ચ જતા પણ કેટલો ફાયદો હશે તે સહેજ ખ્યાલ મળી શકશે.

| | **માંડવીમાં કિંમત** | **સિંધમા કિંમત** |
|---|---|---|
| **ચંદન** | **૧ કોરીએ શેર** | **૩૦ રૂા. મણ** |
| **લોબાન** | **૫૦ કોરીએ મણ** | **૮૦ રૂા. મણ** |

આ આંકડા સને ૧૮૩૭ના છે, એ ધ્યાનમાં રહેવું જોઇએ.

આવા એક ધીકતા વેપારવાળા બંદરની એક સૈકામાં કેવી દશા થઈ આવી છે ? માંડવી બંદરના હાલના વેપારની સૈકા પહેલાંના વેપાર સાથે સરખામણી કરવાનું વાચક વર્ગ પર મૂકી આ લેખ પૂરો કરવામાં આવે છે. આ લેખમાં લેફ્ટેનન્ટ આર. લીચે ૧૮૩૭ ની સાલમાં બ્રિટીશ સરકારને માંડવી બંદરના વેપાર વિશે કરેલા રિપોર્ટનો આધાર લેવામાં આવ્યો છે.

પ્રેષક, દેવપુર/મુલુંડ
મો. ૮૪૫૧૦૯૮૬૭૮

**ખાસ નોંધ : આ લેખ આજથી ૯૭ વર્ષ પહેલાં લખાયેલ અને છપાયેલ છે. એટલે આશરે ૧૯૭ વર્ષ પહેલાં કચ્છ માંડવી બંદરના વેપારનો અહેવાલ છે.**

# ગઠડી બધેને

રચયિતા : રમણીક મામણિયા 'રમણ'... - મેરાઉ (ઘાટકોપર)

**CA સંજય વિસનજી છેડા**

કેવો કપરો સમય. રોજ ખબરપત્રિકા હાથમાં લો અને આપણે સૌ મનોમન એક જ પ્રાર્થના કરીએ કે આજે તો મરણનોંધ પહેલા પાને જ પૂરી થઈ જાય તો સારું. પણ નહીં. કર્મોની કઠણાઇનો એવો કાળ ચાલુ છે કે પહેલે કે બીજા પાને નહીં, ત્રીજા પાના સુધી મરણનોંધ પૂરી ન થાય. મૃત્યુનું એવું તાંડવ કે પછી મૃતક કોઈ વડીલ હોય કે પછી કોઈ નાની ઉંમરના, યુવાનીમાં પગ મૂકવા થનગની રહેલાં યુવક કે યુવતી, કોઈના હમણાં જ લગ્ન થયઈ છે તો કોઈના ઘરે હજી બે કે ચાર મહિના પહેલાં ઘોડિયું બંધાયું છે. એવા આ વિપરીત કાળમાં જ્યારે જીવન કે મૃત્યુના ખેલ વિષે વિચારવા બેસીએ તો સમજાય છે કેવી ક્ષણભંગુર છે આ જિંદગી, કેવી તકલાદી છે આ શ્વાસોની ઘટમાળ અને આ બધું વિચારતા વિચારતા રમણીકભાઈની આ રચના યાદ આવી ગઈ. તરત એમને મેસેજ કર્યો અને એમની આ યાદગાર રચના ''ગઠડી બધેને''નો રસાસ્વાદ કરવા અનુમતિ માંગી. થોડીવારમાં રમણીકભાઈએ આખી રચના અને સાથે એમના પોતાના કંઠમાં ગાયેલ ઓડિયો મોકલી અનુમતિનો સંકેત આપી દીધો.

રમણીકભાઈ એટલે ''કિડા વ્યા, કિડા વ્યા ઉ નધપણ જા ડીં'', ''હિલૅ મિલૅનૅં હલજા, કેંસેં વૅર મ કિઇજા, ખિલૅખિલૅનૅં વિનજા, જીયણ જૅર મ કિઇજા'' અને ''સુખ જી છાંઈ નેં ડુખ જા તિડકા, અચૅં વિનેંતા જીં, નતા વૅં મિડે કીં સરખા ડીં '' જેવી યાદગાર રચનાના રચયિતા. સરળ, શાંત, Down to earth સ્વભાવના રમણીકભાઈ વળી સુમધુર કંઠના માલિક પણ ખરા. એમની આ રચના ''ગઠડી બધેને'' એટલે પ્રવાસ માટે બંધાતી ગાંસડીની વાત અને આ રચનામાં કવિ વાત કરે છે જીવનના કે જીવન પછી શરૂ થતાં અનંતના પ્રવાસની અને એ પ્રવાસ માટેની આપણી તૈયારીની. જ્યારથી સમજની શરૂઆત થઈ ત્યારથી આપણે સૌ જાણીને પણ અજાણ્યા રહીએ છીએ એવી એક કડવી સચ્ચાઈ એટલે આપણે સૌ ''ક્યાંથી આવ્યા છીએ, ક્યાં જવાના છીએ, ક્યારે જવાના છીએ.'' આ બધા વિષે જ્યારે પણ વિચારવા બેસો એટલે બસ માત્ર પ્રશ્નો જ પ્રશ્નો. કદાચ ઉત્તર ખબર પણ છે, પણ એમ માની જાય એ બીજા. આપણને સૌને ખબર છે કે ખાલી હાથ આવ્યા છીએ અને ખાલી હાથે જ પાછું જવાનું છે અને છતાં પણ રોજ ને રોજ માયાના દળદળમાં ખોટા યત્નો કરી વધુ ને વધુ અંદર ખૂંપતા

જઈએ. જે પણ અંહી ભેગું કર્યું, કશું જ ગાંસડી બાંધીને સાથે નહીં આવે. અરે ગાંસડી તો શું, હવે તો ઠાઠડી પણ સ્ટેનલેસ સ્ટીલની થઈ ગઈ અને એ પણ ચિતામાં સાથે નથી આવતી અને આ બધું જ જાણીને પણ આપણે આ સંસારના સાગરમાં વધુ ને વધુ ઊંડા ઊતરતા રહીએ છીએ. પ્રવાસ માટે કહેવાય છે કે પ્રવાસનો આનંદ માણવો હોય તો ટ્રાવેલ લાઇટ. હળવા થઇને મુસાફરી કરો, પણ આપણે સૌ તો વ્યસ્ત છીએ ભેગું કરવામાં, પોતાના માટે, પોતાનાં સંતાનો માટે, પોતાની સાત પેઢીઓ બેસીને ખાય એટલું બધું ભેગું કરવામાં.

*ઈ જ હલ્યા વિનબો મિડે ઈ જ છડેને,*
*વેંધે ડિઠો ન કોય મથે ગઠડી બધેને,*
*ભેરો કરેને જાન મથે ભાર પાં કિઇયૂં,*
*સંસાર જે સાગરમેં વિનૂં ઈ જ ડૂબેને*
*ઈ જ હલ્યા...*

જ્યારે પણ ધર્મની વાત આવી, કર્મનું પોટલું હલકું કરવાની વાત આવી. આપણે સૌએ એક જ વાત કરી હજી તો સમય છે. હમણાં તો જીવન જીવી લઈએ. કમાઈ લઈએ. ઉંમર થશે એટલે રિટાયર થઈશું. પરિવારની જવાબદારીઓ ઓછી થશે પછી બધાને ખમાવી લઈશું. બધા પુણ્ય કમાવી લઈશું. બધી દલીલો માન્ય, પણ એ તો કહો છેલ્લા શ્વાસ કયો હશે એની કોઈ ખાતરી ખરી. ''ન જાણ્યું જાનકીનાથે, સવારે શું થવાનું છે.'' કેવા ઊંધા ખેતર ખેડી રહ્યા છીએ આપણે સૌ અને એટલે જ જો આપણે સૌ જો આમ જ જીવીશું તો અંતે તો ''બાવાના બેઉ બગડ્યા'' ની જેમ ધર્મમાં કંઈ કરી શકીશું ન કર્મમાં કંઈ. સ્વાર્થની ગાંડી દોડમાં ન પરમાર્થ થશે, ન ભલાઈ, ન દાન-પુણ્ય થશે અને છેવટે પુણ્યનું પલડું એમ ને એ ખાલી રાખીને ઊપડી જવું પડશે.

*પરમારથેં ન પગ ભર્યા, ભલાઈ કીં ન કિઈ,*
*ડાતારીમેં ન હથ વર્યો, કમાઈ કીં ન થિઈ,*
*પુનાઇજો પલો ઠલો, વ્યા ઈ જ ખણેને*
*વેંધે.....*

ચોમાસાના ચાર મહિના કે પછી જ્યારે પણ જોગ મળે ત્યારે સંતવાણીનો લાભ તો લીધો, પણ એક કાનેથી શ્રવણ કરી બીજા કાનેથી બહાર અને હવે તો ડિજિટલ યુગ છે. યુ ટ્યૂબ પર, વૉટ્સ એપ પર, જ્યાં ચાહો ત્યાં, જ્યારે ઈચ્છો ત્યારે સંતવાણીનો લાભ લઈ શકો એવો મજાનો યુગ. વળી ટીવી પર તો સવારના સાતથી દસ દરેક બીજી ચૅનલ પર ધર્મની ગંગા વહેતી મળે, પણ આપણે સૌએ તો જાણે સ્મશાન વૈરાગ્યની જેમ ટીવી, વીડિયો ચાલુ હોય ત્યાં સુધી બસ એ ધર્મનો રાગ અને પછી ''શેઠની શિખામણ ઝાંપા સુધી''ની જેમ તરત બટન બંધ થતાં જ બધું ખંખેરીને ઊભા થઈ પાછા સંસારની માયાના કાદવમાં ફરી કૂદવા, ઊંડા ખૂંપવા તૈયાર. વળી આપણે સૌ એટલા શાણા, એટલા ચાલાક અને ચબરાક કે નોકરી, ધંધામાં, નાણાં કમાવવામાં (કામધંધામાં સાચું-ખોટું

કરવામાં) ધર્મ વચ્ચે ન આવે એટલે પહેલેથી કામધંધો અને ધર્મ, બન્નેને અલગ જ રાખીએ છીએ અને (જે ધર્મ તારવાનો છે) એ ધર્મને જ ધાર પર મૂકી દઈએ. આપણે સૌ જાણીને પણ ભૂલી જઈએ છીએ કે ધર્મ એટલે કોઈ અલગથી જીવવાની રીત નથી. ધર્મ એટલે તો જે આપણા રોજબરોજના જીવનમાં, આપણાં કામકાજમાં વણાઈ જાય એ છે ધર્મ, પણ આપણે સૌ ૮૪ લાખ જન્મમાંના આ સૌથી અણમોલ જન્મને લાખો, કરાડો કમાવવાના ચક્કરમાં એમ જ વેડફી નાખીએ છીએ.

*સુણીને સંતવાણીકે અપનાયો ન કીં સાર,*
*નડેં ન ધન ખટેમેં તેંલા ધરમ રખ્યો ધાર,*
*લખૂં લફી વ્યા ઈ જ જીંહ ઢીગલેંતે કુડેને વેંધે..*

આ દુનિયા માટે કહેવાય છે કે આ દુનિયા એટલે એવી હાટડી જ્યાં સલાહ મફ્ત મળે છે, જથ્થાબંધ મળે છે, જ્યારે સહકાર મુશ્કેલીથી મળે છે અને એ પણ વ્યાજ પર મળે છે. લોકો જે પોતે આચરતા ન હોય, પણ દુનિયાને શીખ આપવાવાળા જરાય પાછીપાની ન કરે. બસ એ જ બીજાને બોધની વાત કરતા કવિ વાત કરે છે, કે બીજાને બોધ આપતાં પહેલાં તારી પોતાની તો તપાસ કર. ક્યાંક અચાનક જ્યારે ''વેળા થાશે જવાની'' ત્યારે સમજ આવશે કે આખી જિંદગી જે ભેગું કરતા રહ્યા એ ચીજવસ્તુ તો ઘરના બારણે સુધી પણ સાથે ન આવી. જે સંબંધો જીતવામાં, જીવવામાં આખી જિંદગી ગઈ, એમાંના કેટલાય સ્મશાનના દ્વારથી જ પાછા વળ્યા. આપણાં પોતાના પણ ઠાઠડીને ચિતા પર મૂકી, હાથ જોડી પાછા ફરશે અને ત્યારે એમને કહેવામાં આવશે. કે ''હવે પાછા વળીને ના જોતાં'' અને તેરમા દિવસે તો આપણી ગેરહાજરીમાં પણ લાડવા જમાશે. એવા આ જીવન પાછળ, આ ખોટી ભાગદોડમાં, આખું આયુષ્ય વેડફી નાખીશું અને પછી છેલ્લે સમજાશે કે જે સાથે લઈ જઈ શકાય એવું કેટલુંય હતું, પણ આપણે એવું કંઈ ભેગું જ ન કરી શક્યા. સારાં કર્મો, દાન, પુણ્યથી આ ભવ સુધારી શક્યા હોત, આવનારા ભવ સુધારી શક્યા હોત, પણ....

વિચાર ને વાણી તૅડો વર્તન કડેં ન કેઓ,
બેંકે વિઠાસી બોધ ડેમેં, પિંઢજો ઉલે વ્યો,
ખાલી હથેં પાછા વર્યા, ધુનીયાંકે છડેને વેંધે....

આપણા વેદ ગ્રંથોમાંથી ચાર આશ્રમ, બ્રહ્મચર્ય, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સન્યાસ વિષે આપણે એવી ખોટી વાત મગજમાં બેસાડી દીધી છે કે જાણે ધર્મ એટલે નિવૃત્તિ પછીની જ ક્રિયા છે અને એટલે એવી હાલત થાય છે કે જ્યારે શક્તિ હોય ત્યારે આપણે સૌ ધર્મ સિવાય બીજું બધું કરતા રહીએ છીએ અને ધર્મ માટે આપણે બસ પાછલા જીવનનો લેફ્ટ ઓવર ટાઈમ જ બાકી રાખ્યો છે. જે ઉંમરમાં આપણે કોઈનો હાથ પડ્યા વિના બાથરૂમ સુધી પણ ન પહોંચી શકીએ, એ સમયે આપણે પોતાના થાકી રહેલા શરીરનું ધ્યાન રાખશું કે ધર્મ કરશું. બસ આ જ વાત પર રમણીકભાઈનો આક્રોશ એમની સરળ રચનામાં છલકાઈ આવે છે. જ્યારે શક્તિ હતી ત્યારે ભક્તિ સિવાય બધું કર્યું,

પણ પોતાના સ્વાર્થ સિવાય કોઈ જીવ સાથે કોઈ કરુણાભાવ નહીં અને કદી આત્મમંથન નહીં, ક્યારેય પોતાની ભીતર જઈ જોયું જ નહીં, કે આ આત્માને શું જોઇએ છે. આત્માની ઉન્નતિ માટે શું જરૂરી છે.

મુંબઈથી કચ્છ જવું હોય તોપણ બે મહિના પહેલા ટિકિટ, મહિના પહેલા બીજો બધો સામાન અને અઠવાડિયા પહેલા ખાવા-પીવાના સામાનની વ્યવસ્થા કરનાર આપણે સૌ જો ક્યારેક સમય કાઢી આપણી અંદરના ઇશને પૂછી લઈએ કે અનંતની સફરે ઊપડતાં પહેલાં સાથે શું લઈ જઈ શકશું ? શું સાથે આવશે ? તો કદાચ આપણી ગાંસડીમાં નકામા સામાનને બદલે કંઈક આત્માની શાંતિ માટે જરૂરી એવા કર્મોની પોટલી બાંધી શકશું.

સગતી છતાં પણ ભાવસેં ભગતી કડેં ન કિઇ,
મૈત્રી ન કોય જીવસેં, કરુણા ન કેંતે રિઇ,
માણઈ ન કડેં મોજ આત્મ રમણ કરેનેં....
વેંધે ડિઠો નકોય મથે ગંઠડી બધેને..


અર્થવિસ્તાર
સંજય વિસનજી છેડા,
CA રતાડિયા ગણેશવાલા
મો. ૯૮૯૨૮૧૫૩૬૭



# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai-400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai-400 001.

# પાંજો તેજ

✻ ગુલાબ દેઢિયા ✻

જગે :નરીયે ગામજી ભજાર

પાત્ર :વલુ, સોનુમા, નેણસીં, અજુ, માસ્તર, કવિ તેજ, કરસન, હીરબાઈ, વેજબાઈ

વલુ :એ..... એ.... સવારે ઉમાસજી પાંખી પારીજા. ઢગે, મોલઈ, માડુ વેસા..... આ......

સોનુમા :એ વલુ ! સોણે તો ? તૉજે સડમેં ઢગા, મોલઈ નેં માડુ, અચી વિનેં, ઇનીં મિણીકે સવારે ઉમાસજી રજા, પણ કેનીં બાઈમાડુએંકે વેસા વે તો ખરો ? ચૉ વેલો !

વલુ :સોનુમા, ગાલ તાં આંજી સોરો આનાં સચી આય. મુંજી ઘરવારી પણ ઇ જ ચે તી. પણ ઢગા, મોલઈ ને ખેડૂ પિંઢ ખડેં તા. અંઈ તાં બાંકોડો ખણીને, ભજર સુગીંધા સુગીંધા ઓટા જોર્યા તા.

સોનુમા :વલુ, હી બાંકોડો ડિઠે આય! દીંધીયાં બ ઢેકે વારા ત ખબર પોંધી કેર ખડે તો સે! (ખિલંધે ખિલંધે)

વલુ :મુંકે સજે ગામમેં સડ વિજેજો આય. હેવર તાં વિનણ ડયો, પો, ડીજા તાસીરો.

સોનુમા :ભલેં પુતર ભલેં !

નેણસીં : કૉ, અજુ કીં અઇંએં ?

અજુ :સવા વી. પાંકે તાં લૅર આય. પાંજી ચિંધા ધરિયેમેં નેં પાણ વિઠા નરીએંમેં. ખાંઈયું ઘરેં નેં લૅર કઈયું ફરિયેમેં.

નેણસીં :તૉજી ગાલ તાં ફૂટરી આય. નરિયો ગામ નસીભવારો આય.

કરસન :ઈ તાં કુંડલીમેં લિખ્યો વે સે થીએ. માડુ વારેજીં ગામજી પણ કુંડલી વેતી. કરમ કુંડલી વગર કીં ન તો થીએ.

નેણસીં :કરસન ભા, ગાલ સાવ સચી કે નલિયા ગામજી કુંડલીમેં નરસી નાથા જેડા દાનવીર શેઠ લિખ્યા હુંધા તડેં તા, ગામ કે, કચ્છ મેં નેં ડેસ, પરડેસમેં પ્રખ્યાત કરે છડ્યાં.

અજુ :નલિયેજી પ્રખ્યાત ચીજેંજી ગાલ કઇંધા વોયો ત, હીંકડો નલિયેજો સી નાની જાધ કરાય ડે તો. બઈ પ્રખ્યાત જણસ હી તી હલઈ અચે.

નેણસીં :અરે, હી તાં પાંજો તેજપાર ભા લગે તો.

કરસન :તેજ તાં પર્યાનું પધરો. તેજ પણ નલિયા ગામજી પેધાસ આય.

અજુ :રુગી પેધાસ ન ચૉયો. તેજ નલિયાજો ઉજાસ આય. અજ ઇનજો નાં પણ કિત

કિત પુજી વ્યો આય. તેજ કે ન સુનડે ઉનજા અભાગ. તેજ ઈતરે કચ્છી કવિતા જો આમેંજો ભાગ. (કવિ તેજ અચેંતા)

તેજ :કુરો ભાઇબંધ મિડે વિઠા, કુરો ગાલીયું હલેંતીયું ? કોકજી વટયો તાં ન તા. ન! નકાં આંજો ભલો પુછણો ?

અજુ :નેણસીં, તું જ હિનકે વડે સારા ચોં, ઇ તાં સાવ બોડો આય બોડો!

નેણસીં :અજુ, ઇ બોડો ભલેં આય પણ ઈ જુકો સુણી સગે તો સે પાણ ચુટેં કનેં વારા કિતે સુણી સગોંતા ?

કરસન :હલો, તડેં તેજ કે જ પૂછોં (વડે સારા) તેજ! કોય નંઈ કવિતા સુણા, મજા અચી વિને ભા!

તેજ :(પીપરજો પન વતાયનેં)
કવિતાજો શીર્ષક આય, કિલબિલ
પીપરીજે પનજી
ભૂંગરી વારે મું ફૂંઇ ડિની,
તાં નિકર્યો મિંજા મીઠો ટઉકો.
તડેં પન ખોલે મું રખ્યો કન તેં,
તાં મિંજ સુજાણું તે
ગચ ખન પખીએંજો
સનું સનું કિલબિલ કિલબિલ.

અજુ :વા કવિ વા! તૉકે ધન આય.
ધન તૉજે માયતરેં કે.

કરસન :ધન નરિયે ગોઠ કે.

નેણસીં :પાં હિન કે બોડો ચોં તા, પણ ઇ તાં પીપરીજે પન મિંજા પણ પખીએંજા ટઉકા સુણી ગિને એડો સુજાંગ આય! ભગવાન ઇનકે પેસીઅલ કન ડિના અયાં.

કરસન :(ઘડિયાલ સામું નૅરેને ચે તો)
મૂંકે હાણે મૉડો થીએ તો. ભુજ વનણું આય. બસ હેવરંઈ આવઈ ખપે. ટેમ કી નિકરી વિનેતો ખબર નતી પે.

તેજ :કરસન ભા,
ઘડી ઘડી ઘડિયાલમેં કુરો નેરીંએ તો ?
જિન ઘડી સેં પાંજો સબંધ આય,
ઉ ઘડી ઘડિયાલમેં નાંય.

કરસન :હાણે હિનસે પુજણું કીં ? હિતરી વારમેં તાં ઘડિયાલ મથા કવિતા જોડે કઢે.

નેણસીં :કવિમેં નેં પાંમેં ઈતરો જ તાં ફેર આય!

કરસન :હાણે આઉં સરાઇંયાં, ન કાં ઇ મુંજે ચેણે ને ચણો જે નાડે મથે પણ કીંક જોડે કઢીંધો. કવિજો ભલો પુછણું! (માસ્તર અચેં તા)

અજુ :માસ્તર, અજ કાલ આંજા દરસન દુર્લભ અંઈ. નિસારમેં રજાઉં અંઈ કુરો ? આંકે તાં રજાએં જો સુકાર!
જિતરીયું કુતેંતે બગાઈંયું.
ઈતરીયું આંકે રજાઉં,

માસ્તર :અજુ, અસાંતે બરેં કુલા તો ?
ર ગામજી ડોઆઈ કરીએં તો.
તે કરતાં માસ્તર થીણું વો ન !

આઉં રજાએંમેં મુંભઈ વ્યો વોં સેં,

ઉતે મુંકે દામોધર હૉલજે પોગરામ મેં પૂછયાં, આંજે ગામમેં હેંડો વડો તેજ જેડો નામી કવિ રે તો, અંઈ કવિ લા કુરો ક્યાં અયાં ?

નેણસીં : માસ્તર, અંઇ કુરો ચ્યાં ?

માસ્તર : આઉં તાં ખિલીને મસ્તીમેં ચ્યો.

'અસીં કવિકે ગામમેં રોણ ડિનાં

અઇંયું, સે કીં ઓછો આય ?'

અજુ : ગમે તી ચૉયો, હિન તેજ તાં નરીએ ગામતેં સોનજા નરીયા ચડાય ડિનેં એં.

માસ્તર : તેજ ભણ્યો કિતરો આય ?

નેણસીં : ઇ મું ભેરો કલાસમેં વો, અસીં પાંજે ગામજી ગોકલદાસ તેજપાલ નિસારમેં ભણ્યા તે.

અજુ : નેણસીં, ભણ્યા તે ઇં ન ચૉવાજે, વ્યા તે ઇં ચોયો.

તૉ ભેરો જ ન તેજ તાં કિતરેં ભેરો કલાસમેં વો. ત્રીજી થી પાંચમી તંઈ પુજેમેં ઇનકે નોં વરે લગા વા. પિનઈ પાસ ન તે થ્યો, તૅર માસ્તર કિટાડેને મથલે કલાસમેં ચડાઉ પાસ કયાં તે. ત્રે-ત્રે વરે ઉ જ ચોપડીયું હલાંય તે. સંભાર બૉરી!

માસ્તર : અજ પાસ થીંધલ કિડાં વ્યા સે કોય ન તો પૂછે. પણ હિન નાપાસ થીંધલ કે મિડે  તા કુછાઇંએં, પુછાઇંએ, ને પોંખીંએંતા. અજ હી સરસ્વતી માતાજો ચાગલો પુતર આય.

નેણસીં : સીખી ભલેં ન થીએ, પણ લીખી થીએ લાખો, જ અચી વિને હિકડો પ્રેમજો પલાખો. તેજ પિંઢજી કવિતાએં મેં કોય વિષય ભાકી નાંય રખેં.

અજુ : હજારે મેં કવિતાઉં કેં, પોય, ભાકી કુરો રે ? પખીએંકે પણ નાંય છડેં !

માસ્તર : ઇનકે કાવ્યશાસ્ત્ર, છંદશાસ્ત્ર, વ્યાકરણ વગેરેજો ખાસ જ્ઞાન નાંય. મહા કવિ કાલીદાસ, રવીન્દ્રનાથ ક  વર્ડઝવર્થ કે વાંચે પણ નાંય.

નેણસીં : ઓ..... માસ્તર!

આંજી ગાલ તાં લગે તો ક, માડુ કવિતાઉં વાંચે, શાસ્તર ભણે ત કવિ થઈ વિને  !

અંઈ તાં પંડિત અયો, સંસ્કૃતજા ખાં અયો, ગુજરાતી, અંગ્રેજી મિડે બુજોતા. અંઈ કિતરીયું કવિતાઉં લખ્યાં અયાં ?

માસ્તર : સોં ખાધેલા હિકડી પણ નં. અંઇ સચા અયો. કવિતા ઑર્ડર તે ન ભને. ઇનજા કારખાનાં ન વેં, ઇં તાં અચે તૅર અચે.

કરસન : માસ્તર અંઇ મુધેજી ગાલ ક્યાં. તેજ પિંઢજી કવિતામેં માડુ, આડુ, વગાડુ, લીડર, ડાગધર, માસ્તર, શાસ્તર કેં કેં નાંય છડેં,

અજુ : બ્યા તાં ઠીક, સાધુએં કે નાંય છડેં. સાધુ મારાજ વટે હોકાયંતર નૅરે. કવિ પૂછે

તો. અનાં આંકે ડિસાજી ખબર નાંય પઈ?

માસ્તર :તેજ ચે તો, સાધુએં સામૈયા મંગ્યા, તૅર પ્યાં ભગો ભગવાન.

નેણસીં :કવિ, ઇતાં સમજાયો ક હી મિડે અચે કિતાનું તો?

તેજ :અચેતો ઇ ગાલ સચી. કિડાનું અચેતો ઇ તાં ભૂખ જાણે.

કોયલ કે ટઉકો કેર ડે તો?

ફુલેં કે સુગંધ કેર ડે તો?

મછલી કે તાર કેર સિખાયતો?

ઉ જ મું કે કવિતા લિખાયતો.

કાલ રાયચંધ શેઠ સામજી સલાટકે બંગલો બધેજો પૂછયાં તે.

સામજી ચેં વે, ઍડો બંગલા બધીંધો ક જમાર નિકરી વિને તાંય કકરી ન ખિરે,

તેર મું મુંકે પિંઢકે વ્યો.

ગઈધર વ્યાં, અસીં ઇમારત નેઢુ બધબો. સે રાણીનેં ખંઢેર ખિલી પ્યા.

માસ્તર :વા રે વા! કિતરી વડી ગાલ! કાળ કેં જો સગો નાંય!

અજુ :નેણશીં ભા, અંઇ મુંભઈમેં રયા તે. તૅર સિરનામો કુરો વો?

નેણસીં :નેણસીં ઉમરશી બારદાનવાલા. ૨૦૫, લિફ્ટવાળો માળો, ચોથે માળે, ચીંચબંદર, કેશવજી નાયક રોડ,મુંબઈ: ૪૦૦ ૦૦૯.

અજુ :પૂરા પિંજા.

નેણસીં :પિંજા કુરો આય?

અજુ :આંજે સિરનામેં મેં ૫૦ અખર વા.

તેજ જો સિરનામો સાડા સત અખર.
તેજ
નલિયા, કચ્છ.
સાડા સત અખર.
કવિજો સિરનામો ને કવિતા બોય લાઘવજા નમૂના અંઈ.

તેજ :અજ મેફલ જમઈ આય ત નઢપણજી ગાલ કરીયાં,

માણેકજી સાંગણાને આઉં નિસારમેં બોરો તોફાન ક્યા તે. પરસોત્તમ પટેવારો અસાંકે વિજ્ઞાનજે રૂમમેં પૂરેં છડેં.

અજુ :ઉતે કેડા પ્રયોગ ક્યાં?

ઉતે બેરોમીટર ખયાસીં. હથમિંજા છટક્યો, ને પારો હારાજી પ્યો. ગચ મેનત ક્યા પણ પારો હથ ન આયો. મું કે ભારી કૉતક થ્યો વો. પોય ઝાડુ સે પારે કે ખૂણમેં વારે છડ્યા.

અજુ :હિન જીયાન કરેજો ધ્રા લગો ક ન?

તેજ :બૉરો ધ્રા. મેથીપાક મિલ્યો સે અનાં સંભરે તો.

મુંકે લગે તો ક, ઈ પારે મુંકે અનાં નાંય છડેં. આઉં પારે જેડે પદારથકે હથવસ્તુ કરેલા વિનાંતો, ને પારો સિરી વિનેતો. કવિતા ઇ પારો આય પારો.

માસ્તર :પારો પચાણું સૅલ ન વે

અંઇ કચ્છી કવિતાએં મેં ઊનેં પાણીમેં ઊતર્યા અયો.

તેજ :બચપણમેં આઉં જભરો તારુ વો સેં. બ-ચાર કલાક તરા મિંજા બારા ન નકરાં.

નેણસીં :અજ કવિતાજે સરોવરમેં તરો તા.

તેજ :મુંજી કવિતા કિતક છાપાજે ઉ અંક મિણીકે વતાઇંધો વો સેં.

અજુ :હાણે અસી તૉજી કવિતા અસાંજે ધિલમેં રખોંતા.

સફરજા માંગણા ને મુસાફરજો મરો.

નકાં હલકારેજે કોથરેમેં પિંઢજો હોય કુરો ?

નેણસીં :અજુ, તૉ કે તાં ભુજ વિનણું વો.....ન. તૉજી બસ તાં હુ.... વઈ (બસજો અવાજ)

અજુ :બસ ભલેં વઈ. ભુજ તાં બઇયાર પણ વિનાંધો. હી મેફિલજી મજા વિનાય જડી નાંય.

માસ્તર :તેજ સચો ચૉજા, હેડી ખિલ કિતાનું ગોતે કઢયો તા ?

તેજ :માસ્તર સાહેભ,

જેર રૂઈ ન તો સગાં તૅર ખિલી પાં તો. મુંજી ખિલ કે કૅરક ખોલને નેરીજા.

સંસારજે રથ મેં મનોરથ મિડે મેમાણ, વેંધલ મિંજ વિઠા રેયા, સાથી કેં પરિયાણ

આઉં ૪૪ વરેંજો વો તેર મુંજી જયા હલઈ વઈ. હાણે મુંજો ઘર સડાઉં ખૂલો રોંધો, કૉ જે. મુંજે ઘર જો હિકડો બાયણું જ કડાં આય ?

માસ્તર :હિતરે વડે વિયોગમેં પણ અંઈ ધરમકે નાંય ભૂલ્યા. પારસનાથ ભગવાન તા આંજે ઘરમેં વિઠા અંઈ.

નેણસીં :રુગા ઘરમેં ન મનમેં પણ વિઠા અંઈ.

તેજ :મુંલા તાં પ્રેમ ને ધરમ બોય હિકડા જ અંઈ. પાંચીએ જે હિકડે ભરા ધરમ ને બે ભરા પ્રેમ આય. હા ... પાંચીઓ સચો ખપે.

માસ્તર : કવિરાજ, અંઈ બત્રી - પાંત્રી કાવ્યસંગ્રહ છાપાયાં, સે પણ કોય પ્રકાશન સંસ્થા વગર. એકાંધી ચોપડી કઢીંધે પગર વરી અચેતો.

તેજ :ઈ તાં પાંજી કચ્છી પરજા જો પ્રેમ આય. કચ્છી પરજા કવિ કલાકારેં કે જભરો માનપાન ડેં તી.

માસ્તર :હુ તે નેર્યો. પાણીજે આરે તે બાઇયું કૅડો કલરવ કઈએં તીયું. (બાઈએંજી ગાલબોલ, ખિલ)

વેજબાઈ: કૉ હીરબાઈ, હૅડા તકડા ? પાણી ભર્યાં કુરો ?

હીરબાઈ:હી પનઉં ફેરો આય.

વેજબાઈ:તૉજો હાર તાં લટઈ ભારી ધજ આય. કિતાનું ગેડે ? કિતરા રૂપિયા ?

હીરબાઈ:ઈ તાં ચકુડીજા પપ્પા ગિની આયા અંઈ.

વેજબાઈ: કિતાનું ગેડે ?

હીરબાઈ: ભેણ, મુંકે મોડો થીએ તો.

વેજબાઈ: લિખ ઊભી રૉ ન. તૉ સેં ગાલીયું કરે મેં મજા અચેતી.

હીરબાઈ: વરાંઢ જો ઘરેં અચીજે.

વેજબાઈ: ઊભી, ઊભી, ઘરેં કી વિલાજી ન તો વિને.

હીરબાઈ: બાઈ, બ્યા મિડે ઠીક. આંજી હેલ ઠલી આય ને મુંજી ભરેલ આય.

તેજ : હિની બાઈએં ક નેર્યાં ન!

મુજી જિંધગી પણ હેડી જ આય.

હીરબાઈ વારેજીં મુંજે મથે તે ભરઈ હેલ આય, પોય બ્યો કુરો સુજે ? ઠલેં ઠામણેં ઊભીણું સોંજો. રોજ લાગણીએં જયું ધધકધીંયું હેલું ભરે ને ભજાર વિચ નિતો ઊભી સગાં.

રોજ કાગર તેં ઠલાઈંધો વિનાંતો. તાંય હેલ ઠલી નતી થીએ. મુંકે માડુ કરતાં પંખી, ચોપા, ઝાડ-પન, સીમાડો, આવરજા ફૂલ, અભજા તારા વધુ કુછાઇંએંતા. જયાજી જાધ નીલીછમ આય. ભરઈ હેલ ખણી ટાણે ઘરેં વરાંતો.

(મિડે પાત્ર વારાફરતી હિક હિકડી લીટી બોલેંતા)

કવિ, તું અસાંકે રાગી ભનાય.

કવિ, તું અસાંકે વેરાગી ભનાય.

કવિ, તું શબ્દમેં અર્થ વતાય.

કવિ, તું વડાઈ કે વ્યર્થ વતાય.

કવિ, તું ખિલી ખિલી અસાંકે રુવારીંએંતો.

કવિ, તું રૂઈ રૂઈ અસાંકે ખિલાઇંએંતો.

કવિ, તેં સોનેરી વારેં વારો લંભ વતાય.

કવિ, તે અસાંકે અસાંજો અંભ વતાય.

કવિ, તું કોયલ ભેરો કુછેંતો.

કવિ, તું ચાતક ભેરો લુછેંતો.

કવિ, તું મોર ભેરો આખાડો કરીએં.

કવિ, તું ભેરો આંચાડો પાંચાડો કરીએં.

કવિ, તું સુરંગલી ભેરો મારો બધીએં.

કવિ, તું પીડા કે ખિલસે સંધીએં.

કવિ, તૉજા પખ કપાણાંત સોણેસેં ઊડેં તો.

સંજોગ બધ્યાં હથપગ ત, બંધણ ભેરો કુડેં તો.

કવિ, તું અસાંજો તેજ,

કવિ, તું અખીંએં જો ભેજ.

કવિ, તું સામરેજી વંસીજો વેજ.

તેં માઠ કરાય સંજોગેંજા ધેજ.

તું કલ્પનાજો રંગેરેજ.

કવિ, તું અસાંજો તેજ,

અસાંજો તેજ.

મો. ૯૮૨૦૬૧૧૮૫૨

# ગામાઈ ગામાઈ

વસંતલાલ દામજી દેઢિયા

ભરોડીથી (કોડાય પુલ આજનું બૌંતેર જિનાલય ઉગમણી બાજુ ને રૂકમાવતી નૅજી આથમણી બાજુ કચ્છ જો કાશી રૂપકડો ગામ કોડાય. માગસર મૅણેજી શિયારેજી ઠંડી. મઠીમઠી ઠંડકજી ચમક ને સવારે અઠ વગેં જો શાળાજો ટાઈમ. જૈન મહાજનજી સત ધોરણ સુધીજી પ્રાથમિક શાળા છોકરા-છોકરીયું ભણેજા ચોપડા, પાટીપેન, થેલેમેં ગનેને શાળા તરફ વનેં તા ચોથે ધોરણ મેં ભણધલ મણિલાલ નાનજી લાલન (મનીયો) ને ઍનજો જિગરી ધોસ્તાર ભાઈલાલ ભાણજી ગંગર (ભઈલો), બોય લંગોટિયા ભેરૂ. વાટ મેં શાળાજા જતરા ભેરૂ મલેં એટલે હકડે બે કેં ચેં ગામાઈ ગામાઈ. હી કચ્છ મૉલક જો લહેકો વો શાળા મેં બબ ધોરણ જા છોકરા-છોકરીયું સાથે વેં (બેસે), શાળાજા હેડમાસ્તર ચુનીલાલ જટાશંકર વેદાંત ચોથો ને પાચમોં ધોરણ ભણાઈયેં. ચોથે ધોરણજા આગળજી પાટલીયેંતે ને પાંચમી જા પૉઠલી પાટલી તે બેઠક ગને. બોય ધોરણજી છોકરીઉં સાઈડજી પાટલી તે બેઠક ગને. ટપાલજો કમ હેડમાસ્તર પાસે વો. હલકારો (ટપાલી) સવારજો ડૉ વગેં ટપાલ ડે વને ને ગામજી ટપાલ ગને વને. શાળાજો હકડો જ પટ્ટેવારો (પ્યૂન) જમલો (જમલાભાઈ ઈસ્માઈલ) મળે અનેક જુમ્મો ચેં. અનજૉ કમ ટપાલ તે થપ્પા મારેજા, શાળાજે મણી રૂમેં જી સફાઈ કરેજી, માટલે મેં છોકરેંલા પાણી ભરેજો, માસ્તરેંજો ને શાળાજો દરેક કમ કરેજો, રાતજો શાળાજી ચાલી મેં પથારી વછાય ને સોમેજો, ને રખેવાડી. શાળાજો ચોવી કલાકજો સેવક, પહેરવેશ બલુ ચડ્ડી ને બલુ પહેરણ ને મથે તે બલુ ટોપી. વરેમેં મહાજન તરફથી બ ગણવેશ મલે. મળે બાલુડા અનજા ધોસ્તાર. છોકરા પંઢજે ભાભ મઝાં (નાસ્તાનો ડબ્બો) પીપર, શિંગદાણા, ચણા, ખજૂર, ચણીયા મૅણિંયા બેર ડીઍ. હી ભાભ જુમ્મો પંઢજી ટોપી મેં રખે ને નિરાંત વે તેર શાળાજી પારી તે વૅ ને ખાય હેકલો જીવ અલ્લા જો બંદો. શાળા સવારજો અઠથી બારો ને વરાં ન જો બ વગેંથી સાડા પંજ વગે સુધી. શનિવારજો સવારજો અડધોં ડી ને ઈતવાર જો રજા. માસ્તર ચુનીલાલ લંમો પહેરણ, ધોતિયો જાકીટ, કારી ટોપી ને નક તેં નીચે બાજુ લાલ ફ્રેમજા બેતાલા (ચશ્માં) માસ્તર ભલો માણું.

શનિવારજો ડીં વૉ. શાળા છોટે કે અડધો કલાક બાકી.

માસ્તર : બાળકો ચોપડા, પાટીપેન થેલામાં ભરી ગનો. હાણે મોંથી પલાખા, પાળા ને હલકાફૂલકા વાક્ય બોલે જા અંઈ, મનીયા ખેપાની ઑભો થી, ઉઠે જાં પાડા બોલ, (૩ા ૧ના પાડા)

મનીયો : માસ્તર, બાપા ઊંઠા ભણાયજી ના ચેંતા.

માસ્તર : મનીયા તું વે રો તોજો કમ નૉય.

ભઈલો હથ્થ ઑંચો કે.

માસ્તર : બોલ ભઈલા.

ભઈલો : એક ઊંઠે ઊંઠુ, બે ઊંઠાને સાત, ત્રણ ઊંઠે સાડા દસ... દસ ઊંઠે પાંત્રીસ.

માસ્તર : શાબાશ હવે એવા વાક્ય બોલો જે બન્ને બાજુથી સરખા જ વંચાય.

મનીયો હાથ ઑંચોં કે.

માસ્તર : બોલ મનીયા.

મનીયો : ''લીમડી ગામે ગાડી મલી''.

હજી આવડે છે ?

હાં ''નવજીવન'' હજી ''મલયાલમ''

હજી આવડે છે ?

હા માસ્તર. મારો નહીં તો કહું ફૂટપટ્ટી ખાનામાં મૂકી દો.

ભલે મનીયા બોલ

મનીયો પંઢજો થેલો હથમેં ભરોભર વીંટે ને ચેં, ''જો ચૂનીયા નીચૂ જો''. માસ્તર કીં સમજેં તેં પેલા મનીયો પાટલી તા ઠેંક મારે ને ઘર બાજુ ભગો.

શાળા મેં મનીયો બ ડીંથી ગેરહાજર. મંગળવાર જો માસ્તર નિશાળ પૂરી થઈ ને ગામ મેં હટ (કરિયાણું) કરેલા નકરયા. માસ્તર મનીયે જે ઘર વટે ઑભે ને હકલ કયાં ''પટેલ ઘરેં અયો''. મનીયેજી બાઈ ડેલી મેં આવ્યાં. અચો માસ્તર પટેલ વાડી તે વ્યા અંઈ વ્યો. પાણી પીયો.

માસ્તર : મણિલાલ નીશાળ નત્તો અચે ?

બાઈ : કરો ચાં માસ્તર, બ ડીંથી ટુંટિયો વારે ને ખાટલેં તેં પ્યો આય. ચે ત્તો પેટ બહુ ડૉખે તો. લગે તો પેટમેં કરમ વુંધા (કૃમી). ફીણીયા લડુ બોરા ખાય તો. માસ્તર સમજે વ્યા.

માસ્તર : મણિલાલ કાલ નિશાળ અચીજ.

મનીયો : ભલે માસ્તર. માસ્તર મન મેં ચ્યાં ''હાણે ગંઠ છોટે વઈ'' ને મરક મરક ખલંધા વા.

બાઈ : માસ્તર, અસાંજી રતી ગોં બ ડીં પેલા વિયાણી આય, અનજે દૂધજી બરઈ ગને વનો ને માસ્તરયાણી કે અસાંજા પેળામં ચોજા, ગણે ડી થી હન કોરા મેળાવો કેલાં આવ્યાં નંઈ સે અચેં.

માસ્તર : ભલે બાઈ.

મનીયો એટલે મણિલાલજો ઘર ગઢ ફરિયેમેં બાપા નાનજીશેઠ ગામજા પટેલ. પહેરવેશ, ધોતિયો, જભ્ભો, ભૂખરી ટોપી ને હથમેં ચાંદી જી મોઠવારી લકડી, ભરાવદાર ચહેરો, ને વળાંક વારીયું મૌછું. બાઈજો ના સાકરબાઈ.

ભલાભોળાને હસમુખા નાનજીશેઠ જા બાપા જૈફ વયજા કરમશીબાપા હમેશાંજી ડેલીમેં બેઠક. મનીયેજી નંઢી ભેણ ચાર વરેજી નીરૂ ઢીંગલા-ઢીંગલી સે રમે પઈ, શેઠજી વાડી ''ઝાંપો'' નાંગલપર જી વાટ તેં. શેઠ ઘોડી ફરાયજા શોખીન. નલિયા થી બ હજાર કોરીયેમેં ગને આવ્યા વા નાં વો ''ભજરી'' તેજવાન ઘોડી. વી વિંગેજી વાડી વી. હી વો મનીયે જો વસ્તાર.

ભાઈલોજા બાપા ભાણજીબાપા. અસ્સલ કચ્છી પહેરવેશ ચોણી, આડિયો, મથે તે પાગ ને ખભે તેં ખેસ, શરીરમેં એકવડિયા ને છ ફૂટ ઑંચા. પગમેં ચમચમ કંઈ ધલ બૂટું. હલેં તેર કોય રાજ જા નબીરા લગેં. હસમુખાને મિલનસાર બાપા ખાખરથી પેણાયા વા બાઈજો નાં વો જવેરબાઈ. કંકુડી વાય જા પાણી પીને વડા થીંધલ બાઈજો ભવ્ય લલાટ, કપાર તેં લાલ ચાંદલો અને અનજી ગોલ કોર મથે દેરાસર જો તીલક અંખીયે મેં એટલો તેજ કે ભલભલા માળુ અની સામે નીચી નજરેં ગાલ્યું કંઈયે.

જવેરબાઈ ડૉશીમાંજો વૈદ્યું જાણતલ ને દેશી ઓશળિયા ઘરમેં રખે. કોય બાઈ કે સુવાવડ મેં તકલીફ વે નંઢો જીવ પેટમેં આડો ફરે વ્યો વે ત બાઈ ઓતે હાજર વેં ને પંઢજી કુનેહ સેં પ્રસંગ પાર લગાય ડીંયે.

સાવલા ફરીયે જે ખૂણે તેં ભાણજીબાપાજી મેડી. ભરોડીજી વાટ તેં બાપાજા ખેતર વા. સફેદ પારેંવે જેડી વડે સંગ વારી ઢગેજી જોડ. આખે પાંચાળે

મેં વખણાજે. ગામ મેં વરરાજાજી વેલમેં બાપાજી ઢગેંજી જોડ જ જોડાજે. ભાઈલેથી નઢીયું ભાઈલે જયું બ ભેણું નિરમલા ને કુસુમ.

ભાઈલો ને મનીયે જો પરિચય અને પરિવારજો વેવાર સમજધેં ત્રે વરે જા વાણા વાય વ્યા. બોય ભેરૂએજો પ્રાથમિક શાળામેં ભણતર પૂરો થયો. ને મડઈ મેં એમ.ડી. ભાટિયા હાઈસ્કૂલ મેં આઠમેં ધોરણ મેં દાખલો ગને ગેળાં.

મડઈ બંદર તરીકે પરખયાત. વહાલ ભનાયજો વડો મથક. મડઈ જા વાણ દેશ-પરદેશ જીયું ખેપું ખેડીયેં. આફ્રિકા, ઝાંઝીબાર, જેરુસલેમ બ્રહ્મદેશ, શ્રીલંકા, અરબસ્તાન, મોંભઈ જીયું સ્ટીમરૂં ''સરસ્વતી'', ''સાબરમતી''. દર શનિવાર મડઈ બંદર તેં ઓભીયું રે ને ઓડાંથી કરાચી ને વળતાં પાછા મડઈ બંદર ને હી વને મોંભઈ ભાઉચા ધક્કા તે લાંગરેલા પેસેંજર ને માલસામાનજી હેરફેર થીયે. ચોઈ કલાકજી સફર વે.

કોડાયજા મળે વિદ્યાર્થી, વિદ્યાર્થીની ભરોડી પગેં વને ને ભરોજી થી મડઈ રાજ્ય પરિવહનજી બસ મેં અચવન કંઈયે.

મડઈ બસસ્ટેશન માળુંએથી ગજે પ્યો. ચાયવાળો ''રબડી ચાય પીયો તો માણો'', ''મંડઈ જા પાવલી છાપ પેડા ગનો'' ઠંડોગાર સોડા લેમન વારો'' બસસ્ટેશનજી કૅબિન મંજા સુપરવાઈઝર લાઉડસ્પીકર તે વડે અવાંજે રાડું પાડીધોવે ''માંડવી ભુજ ઊપડવાની તૈયારીમાં'', માંડવી મુંદરા ઢાઈવર બસ ઉપાડો'', ''ધીણોધર માંડવી આવી રહી છે'', ''ભગાદેરા માંડવી ભરોડીથી નીકળી ગઈ છે'', ''આજે લાઈજા ભુજ વાયા માંડવી આવશે તો ઉપડશે'' ''લાકડિયા માંડવી ઉપરથી આવી રહી છે''.

ભાટિયા હાઈસ્કૂલ સાંજી જો છોટે ને કોડાયજા છોકરા-છોકરીયું મંડઈ બસસ્ટેશનથી જોકો બસ ભરોડીથેને વનધીવે ઑનમેં વેરેં.

મનીયો : બસમેં, પાગવારા બાપા આંજી લઠ જરા બારી વટે રખો ત મુંકે વેલા મલે.

બાપા : ઠીક આય છોરા, વેં કડાં ઓતરને ?

મનીયો : બાપા ભરોડી અને ઓડાંથી સીધી સટ કંઢીધો વેલા અચે મુંજો કોડાય.

બાપા : કેંજો કુંવર અઈયે ?

મનીયો : પટેલ નાનજી કરમશીંજો પોતર અઈયા.

બાપા : વા વા તું પટેલ જો કુંવર અઈયે બાપા કે મુંજા જઝાજઝા જુવાર ચોજ. આસંભિયેવારા લખુભા ચારણ મલયા વા ને નીયાંપો ડીજ રઈવાર જો પાંખી આય. આંજે ગામજે વથાણમેં ભિજનજો કાર્યક્રમ આય દેવરાજ ગઢવી, કીરતિદાન ગઢવી, દિવાળીબેન ભીલ, દેવાયત બાપા, સાંગા ભગત અચેવારા અંઈ. ચાય-પાણીજી વ્યવસ્થા રખેં.

મનીયો : ભલેં બાપા.

ભરોડી આવઈ ગામાઈ ગામાઈ ઉતરો નીચે. બાપા મને મેં ચ્યાં હી નઢોં પટેલ પણ તેજવછેરો આય''

સમય સમયજી ગાલ આય બોય ભેરૂ હાઈસ્કુલ મંજા એસ.એસ.સી. ૧૧ મું ધોરણ પુરો કંઈ યેતા.

ચઈતર (ચૈત્ર) મેલેજા ડીં અઈ, ગરમ લૂ વાયતી ધૂળ જીયું ડમરીયું ઓડેત્યું, મનીયા ને ભાઈલો વથાણ મેં કોક મેમાણજી વાટ નેરીયેંતા. મુંદરા મડઈ વાયા નવાવાસ બસ અચેવારી આય.

મનીયો: ભઈલા ડબ્બો આવ્યો. (જે બસમાં ટપાલ આવવાની હોય તેને ગામડામાં ડબ્બો કહેતા) નેર જુમ્મો ધોડધોં ટપાટ ગને લા અચેતો.

ભઈલો: મનીયા મુંજા લાખાપરવાળા છગનફુઆ બસ મંજા ઊતરેતા.

બોય ભેરૂ ફુઆકે પગેં લગા. વાટ મેં ફૂઆ ચ્યાં'' ભાતરીયા મોંભઈ હલણુ આય?

બોયઃ હા, ફુઆ હલણું આય. હડાં નિશાળ પુરી થે વઈ.

ફુઆઃ કરો વિચાર આય અગીયા ભણણુ આય.

ભઈલોઃ ફુઆ હાણે નોકરી કેણી આય ને ધંધેજો હુન્નર સખણું આય. તેંસી ભઈલેજી મેડી આવઈ.

ભાણજીબાપા : અચો અચો ભેણિયા ઘણે વખતેં આવ્યા.

જવેરબાઈઃ પેળામ અંઈ ભા. અસાંજા ભેણ મોંભઈ મે કી અંઈ?

છગનફૂઆ : આંજી ભેણ ભાગબાઈ ને છોકરા મળે ભરોભર અંઈ. ખેતર જે કમલા ગામ આવ્યો વો. કમ પતે વ્યો આય ત આઉં ચ્યો હલો ભાણજીભાને બાઈ કે મલે અચું.

બાઈઃ જી કરે ને આવ્યા ભા. હાણે બં ડી હતે રોકાય જો આય. હી પાણીજો લોટો ગનો તે હથપગ ધૂવે ને આરામ સેં વ્યો આઉં ચાય ભનાઈયાંતી.

બાપાઃ નેરયો ભેણિયા સવારે રાતજો અસાંજે ગામમેં ભજન કિંતન જો કારયક્રમ આય. વડા વડા ભજનિક અંચીધા સે નેરેને માણેને વનજા.

ફૂઆ : ભલેં ભાણજીભા હેળો અવસર કેની નેરેલા મલે. સાંજી જો વિયારૂ કરેને મળે, આંગણ મેં ખાટલા ઢાળેને મેળાવો ક્યાં તે તેર મનીયો, નાનજીભાઈ પટેલ ને સાકરબાઈ મેળાવો ડેલા આવ્યા.

પટેલ : એ જોવારીયું જોવારીયું છગનભા.

ફુઆ : અચો પટેલ જોવારીયું જોવારીયું. આંજે કાશીનગરીમેં અચોં ત પાછો વને જો મન ન વરે. મેળાવો રંગાણો વો.

પટેલ : છગનભા મોંભઈ જા કેળા સમાચાર અંઈ?

ફુઆ : પટેલ વેપાર ઘણે સારા અંઈ દેશાવરેં મેં ધાનજી ઓપજ સારી આય. મોંભઈ ચોઈ કલાકમેં બ કલાક સોમેત્તી. રાતજો બ થી ચાર. મોંભઈ જો માળુ હલે નતો ધોળે તો.

ભાણજીભાઃ સચી ગાલ આય મોંભઈ મેં અતરી ભીડ આય કે કુત્તો પણ પંઢજી પૂછડી ઉપર નીચેં હલાયતો. આજુ બાજુ પૂંછડી હલાયલા જગા જ નાય. મળે ખલે પેંતા

ભાણજીભાઃ ભેણિયા હાણે પાંજે ભઈલેજો લેશન હતે પુરો થયો આય. ચેતો મોંભઈ વનણુ આય, પોછ મોળેને ઢગેં કે હકલેને ખેતર ખેડે જા હનીજા કમ નઈ.

ફુઆ : મું ભેરો મોંભઈ હલાયો અનાજ જે ધેંધેતે વેરાય દીધો.

પટેલ : છગનભા અસાંજે મણિલાલ જો પણ વિચાર કઈજા.

ફુઆઃ ભલે ભલે પટેલ, આઉં પાંચમ ને શુક્રવાર જો મોંભઈ વનાતો બોય ભાતરિયેં કે સવારજી ભરોડી થી ઓપડંધલ કંડલાજી બસમેં વેરાય ડીજા. આઉં બસસ્ટેશન તે બોય કે કોઠે ગનધો. મોંભઈ બોય વછરેં કે અનાજદી વખારમેં વેરાય દીંધો બ વરેમેંતા બોય વછરેં મંજા તોખાર ઘોડે જેડા ભને વેંધા. ઈ જવાબધારી મુંજી.

ભાણજીભાઃ ભલેં ભેણિયા બોય વછરા આંકે સોંપ્યા.

ક્રમશ :

# સાહિત્ય-અમૃત

**આલેખન : ચંદ્રકાન્ત નંદુ**

*સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે આપવામાં આવેલ છે.*

| | | |
|---|---|---|
| પુસ્તક | : | દેવોની ઘાટી |
| લેખક | : | ભોળાભાઈ પટેલ |
| પ્રકાશક | : | આર. આર. શેઠની કંપની - મુંબઈ/અમદાવાદ |
| પ્રકાશન વર્ષ | : | ૧૯૯૩ (બીજી આવૃત્તિ) - [૧૯૮૯ (પ્રથમ આવૃત્તિ)] |

પરશુરામની ભૂમિ - કેરળને આખરે અલવિદા કહેતાં કંઈક મિશ્ર મનોભાવોની અનુભૂતિ થઈ રહી છે. પ્રવાસીને નવા પ્રદેશને જોવાની, જાણવાની, માણવાની, એ પ્રદેશના અંતઃસ્તલ સુધી પહોંચવાની ઉત્કંઠા, ઉત્સાહ હોય છે, પણ એ સાથે પ્રવાસી જ્યાં રહ્યો, ફર્યો, એણે જોયું, જાણ્યું, માણ્યું અને ભૂમિના સંસ્પર્શ થકી એક એકત્વ અનુભવ્યું એને છોડીને જતાં એક અજંપો, અસુખ અને ઊંડે ઊંડે વિખૂટા પડવાની પીડા પણ અનુભવે છે.

ત્રણ ત્રણ સપ્તાહ સુધી જે નિસર્ગની લીલાશભરી લીલા માણી એને આમ પાછળ મૂકીને નીકળી જતાં લેખક એક મીઠો અજંપો અનુભવે છે. ત્રણ સપ્તાહ પૂર્વે તિરુવનન્તપુરમ્‌ની સૌથી ઊંચી પહાડી બાર્ટન હિલ પર આવતાં જ આ અલૌકિક નિસર્ગરચનાએ મન હરી લીધું હતું અને એ અલૌકિક અનુભૂતિને વ્યક્ત કરતાં કહેલું: ‘આ પશ્ચિમઘાટની પર્વતમાળા શરૂ થાય છે મહારાષ્ટ્રથી, પછી કર્ણાટક વીંધી, કેરળના કાંઠા સુધી વિસ્તરતી અહીં પહોંચી છે. આ ક્ષણે સૂરજના તડકામાં એ પહાડીઓના ખભે વરસાદનાં વાદળ સવાર થઈ રહ્યાં છે. એ પશ્ચિમ ઘાટની પર્વતમાળા અને બાર્ટન હિલ વચ્ચે માત્ર એક જ રંગનો ગાલીચો પથરાયેલો છે અને તે રંગ છે લીલો.’

બાર્ટન હિલ, કન્યાકુમારી, આપણા દેશનો છેક દક્ષિણનો છેડો જ્યાં છે ત્રિસાગર સંગમ. પશ્ચિમે અરબી સાગરનાં ઊછળતાં અબ્ધિ, દક્ષિણે હિંદી મહાસાગર અને પૂર્વમાં બંગાળનો ઉપસાગર. અદ્‌ભુત છે આ ત્રિસાગરનો સંગમ. અહીં અહર્નિશ ગરજતા સાગરની

સન્નિધિમાં આ મૌનની નિરવતા વિરાટની અનુભૂતિ કરાવે છે. વિવેકાનંદ રૉક-આ અચલ ખડકને સદીઓથી ઊછળતાં ત્રિસાગરનાં અબ્ધિ પ્રક્ષાલિત કરે છે. કન્યાકુમારીનું મંદિર, પદ્મનાભ સ્વામીનું મંદિર, ક્વીલોનનનાં બૅક વૉટર્સ જેને સ્થાનિક ભાષામાં 'અષ્ટમુડી કાયલ' કહે છે, પેરિયાર સરોવર, આદિ શંકરાચાર્યનું જન્મસ્થળ કાલડી, કેટકેટલું આ એકવીસ દિવસની કાર્યશાળામાં જોયું અને હવે આ બધું છોડીને જવાનું! વિચારતાં જ અકળામણ થાય છે. હમણાં તો સઘળું દૃષ્ટીપટ પર જ તાદૃશ થઈ રહ્યું છે, પણ આવતી કાલે એ સ્મૃતિની સંદૂકમાં સંગોપાઈ જશે અને સમય એને સાચવી લેશે.

ત્રિવેન્દ્રમ - બેંગ્લોર આઈલૅન્ડ એક્સપ્રેસ ભાર્ગવભૂમિની સરહદ પાર કરી ધસમસતી જાય છે. સવારે આંખ ખૂલી તો આછું અજવાળું બેંગ્લોર આવવાનો સંકેત આપી રહ્યું છે.

આઇલૅન્ડ એક્સપ્રેસ કેરળ છોડી ધપી રહી હતી. રાત્રિના અંધકારમાં ગતિ દ્વિગુણીત થયાનો આભાસ થતો હોય છે. એક સ્ટેશન પર ગાડી થોભી. જોયું તો કોઈમ્બતુર સ્ટેશન. આ તો તામિલનાડુમાં પ્રવેશ થઈ ચૂક્યો છે. નીંદરે ફરી હળવેથી પાંપણો ઢાળી દેવાનો સંકેત આપ્યો. ત્યાં કોઈ સ્ટેશન આવ્યું. જાગી જવાયું. બારીના કાચ ખોલી જોયું તો અનંતપુર સ્ટેશન. આ તો આંધ્ર પ્રદેશમાં આવી ગયા.

ત્રણ-ત્રણ રાજ્યોની સરહદો પાર કરીને સવારે બેંગ્લોર આવી પહોંચ્યા. આપણે તો ન જાણે ક્યાં ક્યાં, કેવી સરહદો ઊભી કરી દીધી છે! બૅંગ્લોર સ્ટેશનથી બસ સ્ટેશન બે ખેતરવા છેટે અને ત્યાંથી મૈસુર માટેની બસમાં સફર આગળ વધી.

''પણ કહેવું પડે. બૅંગ્લોરથી મૈસુર માટે બસોની સુંદર વ્યવસ્થા છે. બસ ભરાય કે ઊપડે. સવાર સવારના આ પ્રાચીન ઐતિહાસિક ભૂમિનાં દર્શન આનંદપ્રદ બની ગયેલાં. કાવેરીના બે પ્રવાહ વટાવી અમે મૈસુરમાં પ્રવેશ કર્યો. બૅંગ્લોર-મૈસુર આપણે એક શ્વાસે બોલીએ છીએ. પણ એકસો ચાળીસ કિલોમીટર છેટે છે બેંગ્લોરથી મૈસુર.''

બસસ્ટેશનથી સીધા પહોંચ્યા 'ચામુંડી વસતિગૃહ'. શારદાપ્રસાદે બધી વ્યવસ્થા અગાઉથી કરી હતી. શારદાપ્રસાદે આજનો કાર્યક્રમ ગોઠવી લીધો છે. જગમોહન પૅલેસની આર્ટ ગૅલરી અને મહારાજાનો મહેલ જોઈ સાંજે ચામુંડી હિલ જવાનું છે. સાંજે શારદાપ્રસાદ સાથે આવશે.

''મૈસુર આપણને ગમી જાય એવું શહેર છે. શહેર છે, પણ શહેરની ધમાલ ન લાગી, પણ એક વખતની રાજધાની એટલે બધે એનો સંસ્પર્શ છે. ઈમારતો, માર્ગો, બજાર. મૈસુર એટલે મહેલોનું નગર, પણ સાચું કહું, આ આધુનિક મહેલો જોવાનું મને બહુ ગમતું નથી, પરંતુ જગમોહન મહેલની આર્ટ ગૅલરી તો જોવી જ રહી. રાજામહારાજોઓના સચવાયેલા વૈભવની ચાડી ખાતી ચીજો વિષે તો શું લખું ? અહીંની આર્ટ ગૅલરીમાં પણ રાજા રવિ વર્માનાં ચિત્રો છે.''

સાંજે શારદાપ્રસાદ સાથે ચામુંડી હિલ જવાનું છે. આમ તો પગે ચાલતા જવાય, પણ બસમાં જવા નીકળ્યા. બસમાં ઉપર પહોંચી ગયા, પરંતુ સાંજનું ગમન અને અંધકારનું આગમન. અંધકારનું આવરણ છવાતું જાય છે. લેખકને અંધારું થાય એ પહેલાં ટેકરી પરનાં વિરાટ નંદીનાં દર્શન કરવા પહોંચવું છે અને પછી દેવી ચામુંડેશ્વરીનાં દર્શન કરવા છે.

''અંધારું વધતું ગયું. અવશ્ય નીચે ઝગમગતા નગરનું અદ્‌ભુત દૃશ્ય પથરાયું હતું.''

''અંધારામાં નંદી પાસે પહોંચ્યાં. વિરાટ નંદી, અંધારામાં ભળી જવામાં હતો. ધીમેધીમે એના વળાંકો સ્પષ્ટ થતા ગયા. જીવંત લાગે. એક વાળેલો પગ ઊઠવાની મુદ્રામાં. હમણાં જાણે ઊઠશે. સ્થિતિગતિનું ભવ્ય શિલ્પ.''

અંધારામાં પગથિયાં ચઢતાં-ચઢતાં લેખક ચામુંડેશ્વરીના મંદિર ભણી જાય છે. ગોપુર સાથેનું મંદિર બહુ જૂનું તો નથી. સાંજના દર્શન માટે ભક્તોની ભીડ હતી. પણ શારદાપ્રસાદ છેક ચામુંડેશ્વરી દેવીનાં ચરણોમાં લઈ ગયા.

''ધૂપદીપથી મંદિરની વિશિષ્ટ ગંધ અનુભવાતી હતી. બહાર દૂર સુધી ભક્તોની ભીડ હતી. શારદાપ્રસાદની ભક્તિપ્રવણતા જોતો રહ્યો.''

બસમાં જ નગરમાં પાછા આવી ગયા.

નદીઓ આપણી લોકમાતાઓ. સમગ્ર દેશનું કલ્યાણ કરનારી છે આપણી લોકમાતાઓ. આવી જ એક નદી, જેનું પિતૃગૃહ છે કર્ણાટકમાં. એની વાત હવે પછી.

ફોનઃ ૯૩૨૩૫૪૧૩૫૧

# કોરોના અને હાર્ટ એટેક

**ડૉ. અંકિત રમેશ દેઢિયા,** હાર્ટ સ્પેશિયાલિસ્ટ DNB (Cardio), DNB (Medi)

છેલ્લા દસકાઓમાં કોવિડ - ૧૯ બીમારીનો ફેલાવો એ મેડિકલ ક્ષેત્રે મોટામાં મોટી ચૅલેન્જ છે. આ વાયરસ દુનિયાનાં ભૌગોલિક ક્ષેત્રોને પણ અતિક્રમીને વિશ્વવ્યાપી બની ગયો છે. આ રોગની ખાસિયત એ છે કે એ કોઈ પણ જાતના ચિહ્ન (Asymptomatic) વિના એકબીજાને સંક્રમિત કરી શકે છે.

કોવિડ-૧૯ ખાસ કરીને શ્વસન તંત્ર (Respiratory System) અને ખાસ કરીને ફૅફસાંને શરૂઆતથી અતિક્રમણ કરે છે. જેનાથી ન્યૂમોનિયા, ઇંટરસ્ટિશિયલ ન્યૂમોનિયા અને એકયુટ રેસ્પીરેટરી ડીસ્ટ્રેસ સિન્ડ્રોમ (ARDS) થાય છે. આ રોગથી બીજા અવયવો એટલે કે હાર્ટ અને એને લગતી સિસ્ટમ પણ સંક્રમિત થઈ શકે છે. જેમ ઉંમર વધારે તેમ ઇન્ફેક્શન વધે છે. તેમાં પણ ઊંચા બ્લડ પ્રેસર, ડાયબિટીસ, અને ફૅફસાંને લગતી તકલીફો જો પહેલેથી હોય (COMORBID CONDITIONS) તો અતિતીવ્ર સંક્રમણ (Infection) થઇ શકે છે.

પ્રાપ્ત થયેલ સર્વેક્ષણ મુજબ કોવિડ-૧૯ના હોસ્પિટલમાં દાખલ થયેલ દર્દીઓમાં હાર્ટને લગતી તકલીફો પણ દેખાવ દે છે. પહેલેથી હાર્ટને લગતી બીમારી કે (CVD) જેવી તકલીફ આપનારી (Risk Factor) સ્થિતિ હોય તો કોવિડનો પેશંટ વધારે સિરિયસ થઈ જાય છે. આ ઇન્ફેક્શન શરીરમાં રહેલી હાર્ટને લગતી સ્થિતિને વધારે તકલીફદાયક (Complicated) બનાવે છે.

કોવિડ-૧૯ના સંક્રમણ થતાં પહેલાં હાર્ટ પેશન્ટ ઘણો સમય કોવિડના ભયના ઓથાર નીચે ઘરમાં રહે છે. આ ઉપરાંત બેઠાડું જીવન, ખોરાકમાં ફરેકાર, અંગકસરત કે વૉકની ગેરહાજરી હાર્ટની તકલીફને વધારે છે. આથી અગાઉની હાર્ટની તકલીફ કે રોગવાળા પેશન્ટને કોવિડ-૧૯નું સંક્રમણ થાય તો એ એના માટે મરણતોલ બની રહે છે. કોવિડ-૧૯ના પેન્ડેમિકમાં ઘણી હોસ્પિટલો ફક્ત કોવિડના પેશન્ટને જ લે છે. એથી હોસ્પિટલોમાં હાર્ટના પેશન્ટોને અપાતી ટ્રીટમેંટ અને સુવિધામાં પણ ઘટાડો થયો છે. આને લીધે પણ ઘણા હાર્ટ પેશન્ટોને ટ્રીટમેંટ લેવામાં તકલીફો થાય છે. કોવિડ થકી હાર્ટને થતો ઇન્ફેક્શન (MYOCARDITIS) એ બહુ તકલીફદાયક છે. આ ઇન્ફેકશન હાર્ટને ઘણું નુકશાન પહોંચાડે છે. અને જો બરોબર ટ્રીટમેંટ ન અપાય તો અચાનક હાર્ટફેલથી મૃત્યુ થઈ શકે છે.

કોવિડના પેશન્ટના શારીરિક ચિહ્નો (VITAL SIGNS) લૅબોરેટરીના રિપોર્ટસ, અગાઉની બીમારીઓ (COMORBID DISEASES) બીમારીને વધારે છે અને આવી સ્થિતિમાં હોસ્પિટલમાં ઑક્સિજનના સપોર્ટ સાથે મોનીટરિંગ કરાય છે. દર્દી જે ફેફસાંની વધુ પડતી નાજુક સ્થિતિમાં હોય કે ARDS હોય તે રેસ્પીરેટરી ફેઈલર તરફ જતો હોય તો વેન્ટિલેટરની મદદ પણ લેવી પડે છે. સાવચેતી જરૂરી.

જોકે બધા દર્દીઓ હૃદયરોગને લગતી નિશાનીઓ ધરાવતા ન પણ હોય. દર્દી કોવિડથી સંક્રમિત હોય કે ન હોય તોપણ તેને છાતીનો દુખાવો, શ્વાસ લેવામાં પડતી તકલીફો અને કોઈ પણ કાર્ય કરતા છાતીમાં દુખાવો કે ભારીપણું, અનિયમિત હાર્ટ રેટ જેવાં ચિહ્નો હોય તો આ નિશાનીઓ હૃદયરોગ દર્શાવે છે. તમારે આ માટે હૃદયરોગનું પરીક્ષણ અને ઉપચાર કરવા જરૂરી છે.

મો. ૯૮૨૦૯૪૩૬૩૧

# વર્લ્ડ સ્લીપ ડે (WORLD SLEEP DAY)

# ૧૯ માર્ચ, ૨૦૨૧, ભાગ-૩

**ડૉ. મણિલાલ ગડા** સિનિયર મનોચિકિત્સક
**ડૉ. દીપ્તિ શાહ (ગડા)** મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક

આપણે આગળના લેખોમાં જાણ્યું કે વર્લ્ડ સ્લીપ ડે - જાગતિક વિશ્વ નિદ્રા દિવસ ૨૦૦૮થી દર વર્ષે માર્ચ મહિનામાં મનાવાય છે. આ વર્ષે ૧૯ માર્ચ, શુક્રવારના જાગતિક વિશ્વ નિદ્રા દિવસ મનાવાયો હતો. આ વર્ષનું સૂત્ર છે ''**નિયમિત ઊંઘ, સ્વાસ્થ્યમય ભવિષ્ય**'' **(Regular Sleep, Healty Future).**

આપણે એ પણ જાણ્યું કે બ્રેઈનમાં આવેલ શારીરિક અવયવો (લિમ્બિક સિસ્ટમના અવયવો) ઊંઘનુ નિયમન કરે છે. આમાં મેલેટોનીન તથા ગાબા ન્યુરોટ્રાન્સમીટર્સ (કેમિકલ્સ) મહત્ત્વનો ભાગ ભજવે છે.

અનિદ્રા એ બીમારીનું લક્ષણ છે, બીમારીનું નિદાન નથી. અનિદ્રાના લક્ષણનું બે વિભાગમાં વર્ગીકરણ કરવામાં આવે છે : ૧) પ્રાથમિક અનિદ્રા (Primary Insomnia) ૨) દ્વિતીય અનિદ્રા (Secondary Insomnia).

દવા સિવાયની સારવારની પદ્ધતિઓમાં મહત્ત્વનું છે કે સૂવાનો સમય નિયમિતપણે એક જ રાખો તેમ જ ઊઠવાનો સમય પણ નિયમિતપણે એક જ હોવો જોઈએ. રાત્રે મોબાઈલ, ટી.વી. જોવાનું ટાળો, લાઈટ બંધ જ રાખો, રાત્રે ઘડિયાળ જોવાનું બંધ જ કરી દો. આપણે ૧) ઊંઘ માટેની સોનેરી ટેવો તથા ૨) મનને ઉત્તેજિત/અશાંત કરનારી પરિસ્થિતિથી દૂર રહેવાની પદ્ધતિઓ વિષે જાણકારી મેળવવી.

આ લેખમાં અન્ય સારવારની પદ્ધતિઓ વિષે જાણકારી મેળવીએ.

**૩) માનસિક શિથિલતા** (**Mental Relaxation**)

માનસિક શિથિલતા મેળવવા **સક્રિય** (**Active**) **પ્રયાસ** કરવો જરૂરી છે. સારી રીતભાત તથા યોગ્ય વર્તણૂક જેમ શીખી શકાય છે તેમ માનસિક શિથિલતા મેળવતા પણ શીખી શકાય છે. દરરોજ નિયમિત એની પ્રૅક્ટિસ કરવી ખૂબ અગત્યનું છે.

સંશોધન દ્વારા પુરવાર થયું છે કે યોગ્ય માનસિક શિથિલતાથી મગજના જ્ઞાનતંતુઓમાં હકારાત્મક રાસાયણિક ફેરફારો થાય છે. જ્ઞાનતંતુઓમાં કદ, રચના તથા કાર્યપદ્ધતિમાં હકારાત્મક ફેરફારો થાય છે. ન્યુરોટ્રાન્સમીટર્સમાં પણ હકારાત્મક ફેરફારો થાય છે, જેથી રાત્રે ઊંઘ સારી આવે છે.

યોગ, વિપશ્યના, ધ્યાન, ચિંતન (Meditation), શવાસન વગેરે માનસિક શિથિલતા મેળવવાની અલગઅલગ પદ્ધતિઓ છે જેમાંની કોઈ પણ એક અથવા વધારે પદ્ધતિઓ વ્યક્તિ અપનાવી શકે છે. **આ પદ્ધતિઓ નિયમિત રીતે દરરોજ, એકચિત્તે થવી જોઈએ.**

રાતના સૂતી વખતે આરામદાયક શરીરની સ્થિતિમાં (Comfortable body position) માનસિક શિથિલતાનો પ્રયાસ કરવાથી ઊંઘ આવવામાં મદદ મળે છે.

**૪) શારીરિક કસરત (Physical Excercise)**

સવારના રોજ નિયમિત રીતે શારીરિક કસરત કરવાથી પણ બ્રેઈનમાં હકારાત્મક ન્યુરોટ્રાન્સમીટર્સ ઉત્પન્ન થાય છે. **હળવી વ્યક્તિને માફક આવે** એ પ્રમાણેની શારીરિક કસરત કરવી જરૂરી છે. અન્ય વ્યક્તિ જોડે તુલના કરવાની નથી.

નિયમિત સવારના ચાલવાનું (Morning walk), નિયમિત રમવાનું (ટેબલ ટેનિસ, બેડમિન્ટન વગેરે), સ્પર્ધા નહીં, નિયમિત તરવા જવાનું (Swimming) વગેરે શારીરિક કસરત ક્ષમતા પ્રમાણે કરવાથી મન પ્રફુલ્લિત રહે છે જેની હકારાત્મક અસર ઊંઘ પર થાય છે તથા રાત્રે સારી ઊંઘ આવે છે.

ઉપરોક્ત શારીરિક કસરત નિયમિત ૩૦ થી ૪૦ મિનિટ થવી જોઈએ.

આગળના લેખ-૨માં જણાવ્યા મુજબ સાંજ બાદ જોમભરી (Vigorous) શારીરિક કસરત ન કરવી.

**૫) કોગ્નિટિવ થેરાપી (Cognitive Therapy)**

આ એક પ્રકારની કાઉન્સેલિંગની પદ્ધતિ છે. આ પદ્ધતિમાં વ્યક્તિની ઊંઘ વિષેના વિચારો માન્યતાઓ, વલણ વગેરે વિષે નિખાલસપણે માહિતી મેળવવામાં આવે છે. અનુભવથી જાણવા મળ્યું છે કે ઊંઘ વિષે લોકોમાં તથા સમાજમાં ઘણી જ ભૂલભરેલી માન્યતાઓ છે. વૈજ્ઞાનિક સત્યથી વેગળી માહિતી લોકામાં તથા દરદીમાં હોય છે, જે સારવારમાં અવરોધ બને છે.

**અ) સાયકોઍજ્યુકેશન (Psychoeducation)**

સૌપ્રથમ વ્યક્તિ તથા પરિવારજનોને ઊંઘ વિષેની વૈજ્ઞાનિક માહિતી બધા સમજી શકે એવી સાદી-સરળ ભાષામાં આપવામાં આવે છે (વર્લ્ડ સ્લીપ ડે નો લેખ પહેલો ભાગ-૧) જેથી ભૂલભરેલી ખોટી માન્યતાઓ દૂર થાય છે. ખાસ કરીને ઊંઘનો સમય, કેટલા કલાક ઊંઘવુ જરૂરી છે, ખરાબ ભયંકર સપનાં વગેરે વિષે ચર્ચા કરી વૈજ્ઞાનિક માહિતી અપાય છે. આ શ્રેણીનો પહેલો ભાગ (માર્ચ, ૨૦૨૧નો અંક) ફરીથી વાંચવા સૌને વિનંતી છે.

**બ) ઊંઘ વિષેની ચિંતા (Anxiety)**

લગભગ બધાં જ દરદીઓમાં એક ચિંતા હોય છે કે મને આજે રાત્રે ઊંઘ આવશે કે નહીં? તથા આવી અન્ય ચિંતાઓ વિષે કાઉન્સેલિંગ કરવામાં આવે છે જેથી આવી અકારણ ચિંતા દૂર થાય અને દરદી ચિંતામુક્ત થઈ રાત્રે વ્યવસ્થિત પણે સૂઈ શકે.

**II દવાઓ (Pharmacology)**

અનિદ્રાની ફરિયાદ દૂર કરવા માટે

અલગઅલગ પ્રકારની દવાઓ ઉપલબ્ધ છે. અલગઅલગ દવાઓ બ્રેઈનમાં અલગ અલગ કેમિકલ્સ્ ન્યુરોટ્રાન્સમીટર્સ પર અસર કરે છે.

અલગઅલગ પ્રકારની દવાઓ જેવી કે : ૧) મેલેટોનીન ૨) સીડેટીઇવ્સ હિપ્નોટિક્સ ૩) બેન્ઝોડાયેઝેપીન ૪) એન્ટિડિપ્રેશન્ટ ૫) એન્ટિ સાઈક્રોટિક્સ-સેકન્ડ જનરેશન બજારમાં મળે છે.

દવાઓ કઈ આપવી, કેટલી માત્રામાં આપવી, કેટલો વખત આપવી એ સારવારની કળા (Art of prescription) છે. ડૉક્ટર કે મનોચિકિત્સક આમાં નિષ્ણાત છે. એમની સલાહ મુજબ સારવાર કરવી અગત્યનું છે.

**વ્યક્તિગત સારવાર :**

ઉપરોક્ત સારવારની અલગઅલગ પદ્ધતિ-ઓમાંથી એક કે એકથી વધારે પદ્ધતિઓ અનિદ્રાના દરદી માટે અપનાવાય છે. દરદીનાં લક્ષણો, દરદીનું વ્યક્તિત્વ, સ્ટ્રેસ લેવલ તથા અન્ય સંજોગો ધ્યાનમાં લઈ સારવાર વ્યક્તિગત રીતે કરાય છે.

